Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૩ મું. આત્મ સં. ૫૦ સંવત ૨૦૦૨.

અંક ૭ મો. મહા : ફેબ્રુઆરી.

તા. ૧૦-૨-૧૯૪૬.

સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર

વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક—

— : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર : —

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી શાંતિનાથ તીર્થંકરનું સ્તવન . ... | લે. શ્રી વિજયપદ્મસૂરિ. | ૧૦૯ |
| ૨ | વિચારશ્રેણી ... ... ... | લે. આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ | ૧૧૦ |
| ૩ | વિક્રમરાજાને જૈન બનાવનાર શ્રી સિદ્ધસેન દિવાકર. | લે. આ. શ્રી વિજયપદ્મસૂરિજી | ૧૧૨ |
| ૪ | વાદ-પ્રતિવાદના ભેદ-પ્રભેદો ... ... | લે. પુણ્યવિજયજી મ૦ સં૦ પાક્ષિક | ૧૨૧ |
| ૫ | પ્રમાદથી સત્યાનાશ ... ... ... | લે. ચોકસી | ૧૨૫ |
| ૬ | વર્તમાન સમાચાર ... ... ... ... | સભા | ૧૨૮ |


## નવા થયેલા માનવંતા સભાસદો.

૧ શેઠ સાહેબ ખુશાલભાઇ ખેંગારજીભાઈ. મુંબઈ પેટ્રન

૨ શેઠ અંબાલાલ લધુભાઇ પરીખ ( બોરસદવાળા ) મુંબઈ લાઈફ મેમ્બર (૧)

૩ ઘેલાભાઇ અમરચંદ દલાલ મુંબઇ (૨) ,,

૪ વસન્તરાય મણિલાલ શાહ વા. મેમ્બર ભાવનગર

---

## અમારૂં સાહિત્ય પ્રકાશન ખાતું ( પ્રેસમાં ).

તપોરત્ન મહોદધિ-પ્રતાકારે, શ્રી બૃહત્ કલ્પસૂત્ર છેલ્લો છઠ્ઠો ભાગ, શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર મૂળ તથા શ્રી સંઘપતિ ચરિત્ર, શ્રી પાર્શ્વ ચરિત્ર તથા શ્રી વસુદેવ હિંડી-ભાષાંતરો અને શ્રી મહાવીરના સમયની મહાદેવીઓ છપાય છે, શ્રી વસુદેવ હિંડીમાં આર્થિક સહાયની જરૂર છે. શ્રી અજિતનાથ ચરિત્ર, શ્રી સંભવનાથ ચરિત્ર, શ્રી સુમતિનાથ ચરિત્ર, શ્રી શાંતિનાથ ચરિત્ર, શ્રી આદર્શ મહાન પુરૂષ શ્રી **રામચંદ્રજીનું** ચરિત્ર સચિત્ર પૂર્વાચાર્યકૃત વિસ્તારપૂર્વક, ગુજરાતી ભાષામાં, શ્રી આદિનાથ પ્રભુ જેવું સુંદર વિવિધ રંગોથી સચિત્ર, અનુપમ છપાવવાના છે. કોઇ પુણ્ય પ્રભાવક જૈન બંધુઓની આર્થિક સહાય મળે છપાવવાનું કામ શરૂ થશે.

---

## જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય.

**( સંગ્રાહક અને સંપાદક શ્રી જિનવિજયજી સાહેબ, આચાર્ય, ગુજરાત પુરાતત્ત્વ મંદિર )**

શ્રી જૈન શાસનની ઉન્નતિ કરનારા આચાર્યો, સાધુઓ સાધ્વીઓ અને ગ્રહસ્થોના જીવનચરિત્ર સૌરભને પ્રસરાવનારા, પ્રાચીન ગુજરાતી ભાષામાં રચાયેલ પ્રમાણિક ઐતિહાસિક પ્રબંધો, કાવ્યો અને રાસોનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે. અનેક જૈન વિદ્વાનો પાસે સંપાદનકાર્ય કરવામાં આવેલ છે.

તેનો રચનાકાળ ચૌદમા સૈકાથી પ્રારંભી વીસમા સૈકાના પ્રથમ ચરણ સુધી સાડાચાર સૈકાનો છે. પંદરમા સૈકા પછીના આચાર્યોએ ગુજરાતી ભાષામાં તે તે સમયમાં તે તે પ્રાન્તમાં ગ્રામ્ય ભાષા

( અનુસંધાન ટાઇટલ પાનું ૩ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના માનવંતા પેટ્રન સાહેબ—

જૈન નરરત્ન દાનવીર:—



શેઠ સાહેબ શ્રી ખુશાલજીભાઈ ખેંગારજીભાઈ-મુંબઈ.

શ્રી મહોદય પ્રેસ—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભાના નવા થયેલા માનવંતા પેટ્રન સાહેબ.

જ્યાં પ્રાચીન શ્રી ભદ્રેશ્વર તીર્થ આવેલું છે, જ્યાં શ્રી જગડુશાહ કે જેણે સં. ૧૩૧૫ ની સાલમાં પડેલા દુષ્કાળ પ્રસંગે અનેક દુષ્કાળ પીડિત મનુષ્યોને બચાવી લઇ મહા દાનેશ્વરી થઇ ગયા છે. એવી આર્યભૂમિ કચ્છના મુખ્ય માંડવી નગરમાં શેઠ સાહેબ **શ્રી ખૂશાલભાઇ**નો સં. ૧૯૫૭ ના વૈશાખ વદ ૭ ના રોજ જન્મ થયો હતો. કચ્છ નિવાસી જૈન બંધુઓ પરંપરાથી સાહસિક અને વેપાર વાણિજ્યમાં નિષ્ણાત, ધર્મ શ્રદ્ધાળુ અને દાનવીર તરીકે સુપ્રસિદ્ધ છે. તેમાંના ખૂશાલભાઇ શેઠ પણ એક દાનવીર છે. રૂના બીઝનેસમાં સંપૂર્ણ કૂશળતા ધરાવતા હોઇ એક યુરોપીયન કંપનીના તેઓશ્રી હાલ પ્રમાણિક ભાગીદાર છે. વ્યાપારમાં સારી લક્ષ્મી પ્રાપ્ત થતાં તેઓ અનેક રીતે ગુપ્ત દાન પણ કરી રહ્યા છે. તેઓશ્રી સરલ હૃદયી, દેવગુરુ ધર્મના ઉપાસક, નિરાભિમાની અને કીર્તિલોભી નહિ હોવાથી અનેક બાબતોમાં ગુપ્ત રીતે દાન કરતા હોવાથી અન્યની જેમ દાનવીર તરીકે જાહેરમાં આવ્યા નથી. ગુપ્ત સખાવત કરવાનું જ તેઓ પસંદ કરે છે. તેમનું જીવન ચરિત્ર સખાવતો વગેરે પ્રગટ કરવાની સભાની માંગણી પણ તેઓશ્રીએ સ્વીકારી નથી. તેમની ઉચ્ચ રહેણી કરણી, સાદાઇ અને માયાળુપણા જેવા ગુણો અનુકરણીય છે.

પોતાના શહેરમાં હજારોની રકમ ખરચી નેત્રયજ્ઞ કરાવ્યો છે. તેથી અનેક મનુષ્યોને નેત્રો અપાવ્યા છે. ગયા વિશ્વયુદ્ધના વખતમાં સસ્તા ભાવે અનાજ ગરીબોને મળે તેવો સ્ટોર પોતાના ખરચે ખુલ્લો મુકયો હતો. મુંબઇમાં પોતાના નિવાસમાં દર વર્ષે શ્રી નવપદજીની ઓળી પોતાના ખરચે કરાવે છે. પર્યુષણ પર્વમાં પણ દરેક વરસે દેવ, ગુરુ, સ્વામીભાઇઓની ભક્તિમાં, શ્રી સિદ્ધાચળજી યાત્રા કરવા જતાં ત્યાં સારા પૈસા ખરચે છે. ઉપરોક્ત થોડી હકીકતો બીજે સ્થળેથી મેળવી, આવા ગુપ્ત દાનેશ્વરીનું વૃતાંત પણ અનુકરણીય હોવાથી, તેટલી હકીકત પણ પ્રગટ કરી છે. સભાની ચાલતી સુંદર કાર્યવાહી જોઈ અમારી વિનંતિને માન આપી, પેટ્રનપદ સ્વીકારવાથી તેઓ સાહેબનો ઉપકાર માનવા સાથે તેઓશ્રી દીર્ઘાયુ થઇ સુખ શાન્તિપૂર્વક અનેક સખાવતો કરી આત્મકલ્યાણ સાધે તેમ પરમકૃપાળુ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૨. | માઘ. | પુસ્તક ૪૩ મું. |
| વિક્રમ સં. ૨૦૦૨. | :: ઇ. સ. ૧૯૪૬ ફેબ્રુઆરી:: | અંક ૭ મો. |

## શ્રી શાંતિનાથ તીર્થંકરનું સ્તવન.

( લે. આ. શ્રી વિજયપદ્મસૂરીશ્વરજી. )

॥ રાગ–માગશર શુદિ એકાદશી દિન જાયારે. ॥

શાંતિ જિણંદ નિહાળતાં આજે મને રે,
પ્રગટ્યો હર્ષ અપાર હર્યા ઉપસર્ગને રે;
પરપરિણતિ દૂરે ટળી સમતા ધરી રે,
હોવે આતમ થીર અસ્થિરતા સંહરી રે. ॥ ૧ ॥

ચિંતામણિ દૃષ્ટાંતથી પ્રભુ સેવના રે,
બનતી સફળ નિમિત્ત જેવી ભાવના રે;
ભેદ જ્ઞાન વિચારણા ધ્યાતા લહે રે,
ધરતાં ધ્યાન વિશેષ પ્રભુરૂપ થઇ રહે રે. ॥ ૨ ॥

દર્શન દર્શન ગુણ દીએ થયું થીર કરે રે,
દર્શન મહિમા અપાર જે દુઃખ સવિ હરે રે;
ધન્ય કૃતાર્થ હું થયો પ્રભુ દર્શને રે,
પામી નેમિ સૂરીશ ગુરુપદ પદ્મને રે. ॥ ૩ ॥

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિચારશ્રેણી.

લેખક—આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

પરમાર્થનું સારામાં સારું કાર્ય કેમ ન હોય તો પણ તે યશબુદ્ધિથી ન કરતાં હિત-શ્રેય-બુદ્ધિથી કરવું જોઈયે; કારણ કે હિતબુદ્ધિથી કરવામાં આવતી પ્રવૃત્તિથી આત્માને લાભ મળી શકે છે અને યશબુદ્ધિથી બનાવટી નામધારી ક્ષણુવિનશ્વર દેહને જ કેવળ મળે છે.

યશ-મોટાઈ માટે કાંઇ પણ કરનારને મિથ્યાભિમાન જરૂર આવે છે. તે બીજા ઉપર અનુગ્રહ કરતો હોય તેમ તેની મનોવૃત્તિમાં રહે છે અને પ્રશંસા સાંભળીને ખૂબ ફૂલાય છે જેથી કરી ઉભયલોકમાં અધ:પાતનું પાત્ર બને છે. યશને માટે જ જીવન તથા ધન વાપરનાર કેવળ પ્રશંસાનો જ લોભી હોય છે. તેને આત્મિક લાભની જરાયે પરવા હોતી નથી.

મિથ્યાભિમાનીનું જીવન કદાગ્રહનું વ્યસની બની ગયેલું હોય છે. તેનાં વચન-વિચાર અને વર્તન સ્વ-પરને અહિતકારી કોઇ બતાવે તોયે તે કદાગ્રહની સોબત છોડતો નથી.

વિષ ખાવાથી મરી જવાય છે એમ ભણેલો કહે તો માની લેવું અને અભણ કહે તો હસી કાઢવું તે ડહાપણભરેલું ન કહેવાય; માટે સાચું સમજુ કહે અથવા તો અણસમજુ કહે માની લેવામાં જ બુદ્ધિમત્તા રહેલી છે.

વખણાવવું સહુ કોઈને ગમે છે પણ વખાણવું કોઈને પણ ગમતું નથી. કદાચ કોઇને અંગત સ્વાર્થના અંગે બીજાના વખાણ કરવા પડે તો વખણાવવા જેટલી મનની પ્રસન્નતા હોતી નથી.

મનોવૃત્તિ સુધર્યા સિવાય વર્તન સુધરી શકતું નથી. કદાચ સુધર્યા જેવું દેખાય તો પણ તે સાચું ફળ આપી શકતું નથી; કારણ કે તે સ્વાર્થગર્ભિત ડોળ માત્ર છે.

સ્વાર્થ હોય તો જ બીજાને હેત દેખાડી શકાય અને પોતાની શારીરિક તથા આર્થિક-સંપત્તિ વાપરીને બીજાને વિપત્તિમાંથી ઉગારી શકાય. તે સિવાય તો મમતાનું દાસ બનેલું જડાસક્ત જગત પોતાને મળેલી સંપત્તિ આત્મશ્રેય માટે પણ વાપરતું નથી. દીન-દુઃખીને સુખી કરવા જે પ્રયત્ન કરે છે તે દયા કહેવાય છે. તે સિવાય તો દયા જેવી કોઈ વસ્તુ નથી.

પોતે સકર્મક હોવા છતાં અને સુખ-દુ:ખ માનવા છતાં પણ બીજાને દીન-દુઃખી જોઇને તેના મનમાં દુઃખ, ઉદ્વેગ કે શોક ન થવાથી તે બીજાને સુખી કરવા કોઇ પણ પ્રકારનો પ્રયત્ન કરતો નથી તે જ તેની નિર્દયતા કહેવાય છે, તો પછી પોતે માનેલું પૌદ્‌ગલિક સુખ મેળવવા બીજાને દુઃખ આપવું તે તો ઉઘાડી નિર્દયતા જ છે.

કોઇ પણ પ્રકારના અંગત સ્વાર્થને લઇને બીજાના દુઃખોની મન ઉપર અસર થવાથી લાગણીઓ દુભાવવી તે દયા ન કહેવાય; પણ સર્વથા નિ:સ્વાર્થ વૃત્તિથી બીજાને દુઃખી જોઇને દુઃખી થવું તે દયા કહેવાય છે.

દુઃખ બે પ્રકારનું હોય છે: એક તો પોતાનું અને બીજું પારકું. પોતાના દુઃખને મટાડવા બીજાના દુઃખને ન ગણવું તે નિર્દયતા અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજાનું દુઃખ દૂર કરવા પોતાના દુઃખને ન ગણવું તે દયા.

સમભાવી જાણુની દયા અને વિષમભાવી અણજાણુની દયામાં અંતર હોય છે. વિષમ દૃષ્ટિ અણજાણપણાને લઈને ચર્મ ચક્ષુથી જોનારા હોય છે અને સમદૃષ્ટિ જાણુ પુરુષો જ્ઞાનદૃષ્ટિથી જુએ છે એટલા માટે જ તેઓ સુખસ્વરૂપ આત્મામાં થયેલી અશુદ્ધિ ખસેડવા રૂપ દયા કરે છે, જેમાં પોતે અનુભવેલા કર્મ-જન્ય દુઃખોનું અવલંબન લેવામાં આવતું નથી એટલે પોતાનું દુઃખ ટાળવા પ્રયત્ન કરવામાં આવતો નથી. ત્યારે અણજાણુ પોતે અનુભવેલી દીન હીનતાથી થયેલા દુઃખને બીજાના દુઃખ સાથે સરખાવવાથી ઉત્પન્ન થયેલા દુઃખને દૂર કરવા પ્રયત્ન કરે છે કે જેને સ્થૂળ દૃષ્ટિની દયા કહેવામાં આવે છે. જ્ઞાનિયોની દયામાં આત્મિક સુખની દૃષ્ટિ હોય છે અને અજાણુની દયામાં પૌદ્ગલિક સુખની દૃષ્ટિ હોય છે.

દેહાધ્યાસી માનવી, કે જે શરીર અને જીવને જુદા માનતો નથી–શરીરને જ આત્મા માને છે તેના માટે અધર્મ, અનીતિ કે પાપ પૂન્ય જેવું કશું યે હોતું નથી; કારણ કે તે પોતાને એટલે કોઈપણ નામધારી દેહને સ્વર્ગના સુખ કે નરકનાં દુઃખ ભોગવતાં જોતો નથી પણ આ જન્મમાં મૃત્યુ પછી અગ્નિમાં બળીને ભસ્મ થતાં કે જમીનમાં દટાતાં જુએ છે.

બહિરાત્મપણું ટળે નહીં અને અંતરાત્માની જાગૃતિ થાય નહીં ત્યાં સુધી નાસ્તિકતા ટળીને આસ્તિકતા પ્રાપ્ત થવી દુર્લભ છે.

મનને ગમે તે ન કહો પણ સાચું હોય તે કહો; કારણ કે બોલતી વખતે જે તમને ગમે છે તે આવતી કાલે નહીં ગમે એટલે બોલેલું ફરશે પણ જે સાચું હશે તેમાં ફેરફાર નહીં થાય.

લોભી માણસને પ્રમાણિકપણાની પરવા હોતી નથી; કારણ કે લોભ અને પ્રમાણિકતાને આડવેર છે એટલે બંને સાથે રહી શકતાં નથી છતાં લોભી માણસ પ્રમાણિક કહેવડાવવાનું સાહસ કરે છે. વિચારવામાં, બોલવામાં અને વર્તવામાં ભૂલ કરે છે એમ બીજાને કહેતાં પહેલાં તેનો આશય, ધ્યેય, ઉદ્દેશ સાચી રીતે જાણી લેવો પણ પોતાના વાણી, વર્તન અને વિચારની સાથે સરખામણી કરી બીજાની ઘૃણા કરવાનું સાહસ ન કરવું તે જ ડહાપણભરેલું કહેવાય.

દ્વેષ બુદ્ધિના આશ્રિત પોતાનાં વાણી, વિચાર અને વર્તનથી અજ્ઞાનિયોમાં આદર મેળવી ફુલાવું તે એક પ્રકારની અજ્ઞાનતા જ કહી શકાય; કારણ કે પોતાની કોઇપણ પ્રકારની પ્રવૃત્તિમાં જ્યાં સુધી ઉત્તમ જ્ઞાની પુરુષો સહમત ન થાય ત્યાં સુધી ઉત્તમતા મેળવી શકાતી જ નથી; માટે પોતાની પ્રવૃત્તિની અજ્ઞાનીઓથી કરાયલી પ્રશંસાથી રાજી થવું નહીં. સાચી રીતે શીખ્યા સિવાય બીજાને શિખામણ આપવાના કોડ સેવવા તે મૂર્ખતા છે.

સાચો વેપાર કરતાં શીખવો તે જ ઉત્તમતા કહી શકાય; પણ અમુક ખોટો વેપાર કરે છે, એમ જનતાને જણાવવા પ્રયાસ કરવો તે દ્વેષ–ગર્ભિત અધમતા જ કહી શકાય છે કે જેનું પરિણામ કલેશ અને ઉદ્વેગ સિવાય બીજું કાંઈ પણ સ્વપરહિતકારી આવી શકતું નથી.

મિથ્યાભિમાનના અંગે જે કોઈ પોતાના મનમાં એમ સમજે છે કે–હું ગુણવાન છું, બુદ્ધિમાન છું, વિદ્વાન છું, ધનવાન છું, કળાવાન છું અને ગર્વની ગાંડાઈમાં બીજાને તુચ્છ સમજી જનતામાં પોતાની મહત્વતા જણાવવા પ્રયાસ કરે છે તે બધી વાતે વંચિત જ રહે છે અને શિષ્ટ જનતામાં અનાદરનું પાત્ર બને છે.

બોલવામાં અને લખવામાં આશયના ઓળા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિક્રમરાજાને જૈનધર્મી બનાવનાર શ્રી સિદ્ધસેન દિવાકર

॥ લેખક આચાર્ય શ્રી વિજયપદ્મસૂરિ ॥

( ગતાંક પૃષ્ઠ ૧૦૪ થી શરૂ )

ત્રણે ભુવનમાં વિજય પમાડનાર આ ધર્મલાભના પ્રભાવે જ્યાં મદોન્મત્ત હાથીઓ રાજદરબારમાં મહાલતા હોય, તથા શીઘ્ર ગતિએ ચાલનારા ઘોડા હેષારવ કરી રહ્યા છે, પુષ્કળ સૈન્યાદિ સાધનો શોભી રહ્યા છે, સુંદર સ્ત્રીઓ સેવામાં હાજર રહે, મસ્તકે છત્ર શોભે, આજુબાજુ ચોમેર ચામર વીંજાય, આવી ઉત્તમ રાજ્યલક્ષ્મી મળે છે. તથા તેવા ધર્મની સાધના કરવાથી અનુક્રમે સ્વર્ગ–મોક્ષના પણ સુખ મળે છે. બીજા આશીર્વાદો આ ધર્મલાભરૂપ આશીર્વાદની આગળ તુચ્છ સમજવા. આવો મહાપ્રભાવશાળી ધર્મલાભ અમે તમને દીધો છે.

આ બીના સાંભળીને રાજા વિક્રમાદિત્ય બહુ જ રાજી થયા ને હાથી ઉપરથી નીચે ઉતરીને વંદન કરી નોકરની મારફત એક ક્રોડ સોનૈયા મંગાવીને સૂરિજીની આગળ મૂકીને કહ્યું કે–હે દિવાકરજી મહારાજ! આપ કૃપા કરીને આ સોનૈયા સ્વીકારો. એમ બે વાર કહ્યું ત્યારે સૂરિજી મહારાજે વિક્રમને કહ્યું–હે રાજન્! તમે જૈન સાધુના આચારને જાણતા નથી માટે તમે અમને સોનૈયા આપવા ચાહો છો. જૈન સાધુઓ ધનમાત્રને સેંકડો દોષનું કારણ અને પ્રવ્રજ્યાને નાશ કરનાર જાણીને એક કોડી પણ પાસે રાખતા નથી. ૧ લોચ કરવો, ૨ છત્રી જોડાનો ત્યાગ કરીને પગે ચાલતા ઇર્યાસમિતિ જાળવીને વિહાર કરવો, ૩ માધુકરી વૃત્તિએ અચિત્ત નિર્દોષ આહાર પાણી ધર્માધાર શરીરને ટકાવવા માટે ગ્રહણ કરાય, ૪ સંપૂર્ણ જીવદયા પાળવી, ૫ હિત, મિત, પ્રિય, સત્ય વચન ખાસ કારણે બોલાય; માલીકની રજા સિવાય કોઇ પણ ચીજ લેવી નહિ, ૬ સ્ત્રીસંગનો સર્વથા ત્યાગ કરીને નિર્દોષ મન, વચન, કાયાથી બ્રહ્મચર્ય પાળવું, ૭ સંયમ નિર્વાહની ખાતર જ નિર્મમત્વ ભાવે ખાસ જરૂરી વસ્ત્રપાત્રાદિ રાખવા, ૮ છકાયની

---

પડયા સિવાય રહેતા નથી અને તે સાંભળનાર તથા વાંચનારને અસર કર્યા સિવાય રહેતા નથી, જેથી પરિણામે આશયને અનુસરીને જ લાભ તથા હાનિ કરવાવાળું નીવડે છે.

રહસ્ય જાણ્યા સિવાય અને અનુભવ મેળવ્યા સિવાય લખેલું અને બોલેલું કેવળ વાંચીને તથા સાંભળીને અમે પણ કાંઇક છીએ એમ જનતાને બતાવવા કાગળ કાળા કરવા કે થુંક ઉડાડવું તે જનતાને હાનિકર્તા જ નિવડે છે; કારણ કે આવા માણસોને ક્ષુદ્રસ્વાર્થ સાધવા ગમે તેવાની પ્રશંસાની જરૂરત છે પણ સ્વપરશ્રેયની કાંઇ પણ પરવા હોતી નથી.

ત્યાગી કહેવાતો હોય કે ભોગી કહેવાતો હોય; પણ જ્યાં સુધી જૂઠી પ્રશંસાની પરાધીનતામાંથી મુકાતો નથી ત્યાં સુધી આધ્યાત્મિક વાતો કરવાનો પણ અધિકારી નથી, તો પછી આત્મિક ગુણો મેળવવાની તો વાત જ કયાંથી હોય?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંપૂર્ણ રક્ષા કરવી, ૯ પાંચ ઇંદ્રિયોને, મનને વશ કરવા, ૧૦ પરીષહ ઉપસર્ગ સહન કરવા, રાત્રિભોજનનો સર્વથા ત્યાગ વગેરે પાળે તે જ જૈન સાધુ કહી શકાય. (આ પ્રસંગે ગુરુમહારાજે વિસ્તારથી સાધુનો આચાર રાજાને સમજાવ્યો હતો.) આ પ્રકારે અમારે આચાર હોવાથી સોનૈયાને લેવાની વાત તો દૂર રહી, પણ અમે સ્પર્શ પણ ન કરીએ. આ પ્રમાણે સૂરિજીએ કહ્યું ત્યારે રાજા વિચારમાં પડ્યો કે–મેં આ ક્રોડ સોનૈયા દઈ દીધાં, તેથી મારાથી તો પાછા લઇ શકાય જ નહિ.

આ પ્રસંગે સૂરિજીએ કહ્યું કે–હે રાજન્! જો તમારી ઇચ્છા હોય તો આ શ્રાવકો ક્રોડ સોનૈયા જિનમંદિરોનો ઉદ્ધાર કરવામાં વાપરે. રાજા વિક્રમે કહ્યું-ભલે ખુશીથી તે સોનૈયા જીર્ણોદ્ધારમાં વપરાય. આ રીતે શ્રાવકોએ તે સોનૈયા જીર્ણોદ્ધારમાં વાપર્યા. આ બનાવ જોઇને રાજા વિક્રમના હૃદયમાં સચોટ છાપ પડી કે–સાચા ત્યાગી અને નિઃસ્પૃહી જૈન સાધુઓ જ સાચા ગુરુ તરીકે માનીને પૂજવા લાયક છે. તેમની ભક્તિ કરવાથી આત્મા નિર્મલ થાય, ને ઉપદેશ સાંભળવાથી સત્ય ધર્મ સમજાય, ને તે ધર્મને સાધી સંસાર-સમુદ્રનો જરૂર પાર પામી શકાય.

રાજા વિક્રમાદિત્ય આચાર્ય મહારાજશ્રી સિદ્ધસેન દિવાકરજીના વિવિધ તત્ત્વસ્વરૂપને જણાવનારા વ્યાખ્યાનો જુદા જુદા પ્રસંગે સાંભળીને શ્રી જિનધર્મના પૂર્ણરાગી બન્યા. શ્રી સિદ્ધસેન દિવાકરના વિશેષ પરિચયને લઇને રાજા વિક્રમાદિત્ય જૈનધર્મારાધક કઇ રીતે બન્યા તે બીના આગળ જણાવીશ.

એક વખત વિહાર કરતા કરતા સપરિવાર સૂરિજી મહારાજ ચિતોડગઢ પધાર્યા. ત્યાં રહેલા એક કીર્તિસ્તંભની અંદર દૃષ્ટિવાદના ભેદ તરીકે ગણાતા 'પૂર્વ' એવા નામે પ્રસિદ્ધ આગમોની પ્રતો ગોઠવેલી હતી. સ્તંભનું ઢાંકણું બંધ કરી આજુબાજુ જલ, અગ્નિ વગેરેના ઉપદ્રવથી બચાવનારી ઔષધિઓ લગાડી હતી. સૂરિજી મહારાજે તે ઔષધિઓના ગંધ ઉપરથી વસ્તુઓ જાણીને તેનાથી ઊલટા ગુણવાળી ઔષધિમિશ્રિત પાણી છાંટીને તે( સ્તંભ )ને ખુલ્લો કર્યો. તેમાંની એક પ્રતને શરૂઆતથી વાંચતાં સર્ષપ વિદ્યા અને સુવર્ણ વિદ્યા સૂરિજીના વાંચવામાં આવી. તેમાં રહેલી સર્ષપ વિદ્યાનો પાઠ ગણીને મંત્રેલા જેટલા સરસવો (સરસના દાણા) જળાશયમાં નાંખે તેટલા ઘોડેસ્વારો તેમાંથી નીકળીને શત્રુના લશ્કરને હરાવીને પાછા અદૃશ્ય થઇ જાય. એ સર્ષપ વિદ્યાનો પ્રભાવ જાણવો. બીજી વિદ્યાનો પાઠ ગણીને મંત્રેલા ચૂર્ણને (લોઢું વગેરેની ઉપર) ચોપડવાથી કોટી સુવર્ણ ઉત્પન્ન થાય. (બનાવી શકાય.) એ બીજી સુવર્ણ વિદ્યાનો પ્રભાવ જાણવો. સૂરિજી મહારાજે બે વિદ્યાઓ જાણી લીધા બાદ જ્યાં આગળ બીજું પાનું વાંચવા જાય છે ત્યાં તો સ્તંભની અધિષ્ઠાયક દેવીએ તે પ્રત લઇ લીધી ને સ્તંભ પણ પહેલાંની માફક બંધ થઇ ગયો.

## કુમારપુરનો રાજા જૈન થયો

શ્રી સિદ્ધસેન દિવાકરજી મહારાજા ચિતોડ-ગઢથી વિહાર કરી ફરતા ફરતા કુમારપુર નામના નગરમાં પધાર્યા. ત્યાંના રાજા દેવપાળે સૂરિજી મહારાજને નમન કરી કહ્યું કે–હે ગુરુમહારાજ! મારા આ કુમારપુર નગરની આજુબાજુના સીમાડાના રાજાઓ મારું રાજ્ય છીનવી લેવાને ચાહે છે, માટે આપ કંઇ કૃપા કરો, તો મારું રાજ્ય સ્થિર થાય ને હું શાંતિમાં જીવન ગુજારું. તે સાંભળીને સૂરિજી મહારાજે ભાવિ લાભને જાણી સર્ષપ વિદ્યાના બળે શત્રુના સૈન્યનો ઉપદ્રવ દૂર કરી રાજાની માગણી પૂરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી. આ પ્રભાવ જોઇને દેવપાળ રાજા સૂરિજી મહારાજનો ભક્ત થયો ને ધર્મદેશના સાંભળી જૈનધર્મી બન્યો.

## ભૂલની સુધારણા.

રાજા દેવપાલના આગ્રહથી બંદીજનોથી સ્તુતિ કરાતા સૂરિજી મહારાજ દરરોજ સુખાસન(પાલખી)માં બેસી રાજસભામાં જવા લાગ્યા. આ પ્રમાદ બીના જાણીને તેમના ગુરુ વૃદ્ધવાદી મહારાજ વેષ બદલીને કુમારપુરમાં આવ્યા. જ્યારે સિદ્ધસેનસૂરિ રાજસભામાં જવાને નીકળતા હતા, તે વખતે તેમના સુખાસનના દંડને વૃદ્ધવાદી પોતાના ખભા ઉપર લઇ અસ્તવ્યસ્ત (આડાઅવળા) ચાલવા લાગ્યા. આમ કરતાં તે વૃદ્ધને જોઇને ગર્વિષ્ઠ સૂરિજી મહારાજ બોલ્યા કે-" **भूरि भारभराक्रान्ते( तः ) स्कन्धोऽयं तव बाधति** " એટલે હે વૃદ્ધ ! ઘણો ભાર ઉપાડવાથી (લાગવાથી) શું તારો ખભો દુઃખે છે ? તે સાંભળીને વૃદ્ધવાદી બોલ્યા કે-હે સૂરિ ! " **न बाधते स्कन्धो बाधति बाधते यथा** " એટલે તમે જે બાધતેને બદલે બાધતિ બોલ્યા તે પ્રયોગ જેવી બાધા (પીડા) કરે છે, તેવી બાધા (પીડા) મારો ખભો કરતો નથી. આ વચનથી વૃદ્ધવાદીએ સિદ્ધસેનને જણાવ્યું કે તમારે બાધતિને બદલે બાધતે એમ શુદ્ધ પ્રયોગ બોલવો જોઇએ. આ વચન સાંભળીને સૂરિને શંકા થઇ કે-આ રીતે મારી ભૂલ કાઢનાર મારા ગુરુ જ હોવા જોઇએ કારણ કે બીજો કોઇ ભૂલ કાઢે જ નહિ. આ વાતનો નિર્ણય થતાં તરત જ સુખાસનમાંથી નીચે ઉતરી તે સૂરિજી વૃદ્ધવાદી મહારાજના ચરણકમલમાં વંદન કરી પોતાની ભૂલને અંગે પશ્ચાત્તાપ કરવા લાગ્યા. આ ભૂલનું પ્રાયશ્ચિત્ત લઈ આત્મશુદ્ધિ કરી **રાજા દેવપાલને** વિહારની વાત જણાવી. વૃદ્ધવાદીની સાથે તેમણે વિહાર કર્યો.

## પ્રાકૃત સૂત્રોને સંસ્કૃત બનાવવાની ઇચ્છા અને તેનું પ્રાયશ્ચિત્ત.

વૃદ્ધવાદીની સાથે સિદ્ધસેન દિવાકર ઘણો કાલ રહ્યા. ગુરુમહારાજ વૃદ્ધવાદી અંતિમ આરાધના કરી દેવતાઈ ઋદ્ધિ પામ્યા. એક વખત સૂરિજી શક્રસ્તવ(નમુત્થુણં)ના પ્રાકૃત પદો બોલતા હતા. તે સાંભળીને લોકો મશ્કરી કરવા લાગ્યા. આથી સૂરિજી મહારાજ શરમાઇ ગયા. તે અવસરે સંસ્કૃત ભાષાના દઢ અભ્યાસી સૂરિજી મહારાજે અભિમાનના આવેશમાં આવીને શ્રી સંઘને કહ્યું કે-" જો શ્રી સંઘની આજ્ઞા હોય તો હું પ્રાકૃત સૂત્રોને સંસ્કૃત ભાષામાં ગોઠવું. તે સાંભળીને શ્રી સંઘે કહ્યું કે-" ચારિત્રની ઈચ્છાવાળા બાળ, સ્ત્રી, મંદ અને મૂર્ખ મનુષ્યોના ઉપકારને માટે તત્ત્વજ્ઞ મહાપુરુષોએ પ્રાકૃત ભાષામાં સિદ્ધાંતની રચના કરી છે અને બુદ્ધિમાન મહાપુરુષોને ઉપકાર કરવાની દષ્ટિએ તો શ્રી ગણધર ભગવંતોએ ચૌદ પૂર્વોની રચના સંસ્કૃતમાં કરી છે એમ અમે સાંભળ્યું છે, માટે હે સૂરિજી મહારાજ ! આવો વિચાર જણાવવાથી તમે શ્રી તીર્થંકરાદિની મોટી આશાતના કરી છે. તમારે તેનું પ્રાયશ્ચિત્ત લઇ આત્મશુદ્ધિ કરવી જોઇએ. " સૂરિજીએ સંઘની આજ્ઞાને શિરસાવંદ્ય ગણી પ્રાયશ્ચિત્ત લીધું. તેમાં સૂરિજીએ સાધુ વેષ ગોપવી અવધૂતનો વેષ ધારણ કર્યો તથા સંયમની આરાધના કરવાપૂર્વક મૌનપણે કોઇ ઓળખે નહિ, તે રીતે વિહાર કરવા લાગ્યા. આ સ્થિતિમાં સાત વર્ષ વીત્યા બાદ સૂરિજી મહારાજ વિહાર કરતાં અનુક્રમે રાજા વિક્રમાદિત્યને પ્રતિબોધવા ઉજ્જયિની નગરીના મહાકાળેશ્વર મહાદેવના મંદિરમાં પધાર્યા.

## શિવલિંગ ફાટયું ને પાર્શ્વનાથ પ્રકટ થયા.

સૂરિજી મહારાજ અહીં મહાદેવને વંદના કર્યા વિના તેની ઉપર પગ રાખીને બેઠા. તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇને પૂજારીએ કહ્યું કે-પગ ઉઠાવી લઈ મહાદેવને નમન કરો. મૌનધારી સૂરિજીએ કાંઇ પણ ઉત્તર ન દીધો. ત્યારે તેણે (પૂજારીએ) રાજાને આ વાત જણાવી, તેથી આશ્ચર્ય પામી ત્યાં આવીને રાજાએ અવધૂતને કહ્યું કે-તમે મહેશ્વરને વંદના કેમ કરતા નથી? રાજાને ઉત્તરમાં અવધૂતે જણાવ્યું કે-જેમ તાવવાળો માણસ મોદક(લાડવા)નો ખોરાક પચાવવા અસમર્થ હોય, તેમ આ મહેશ્વર મારી સ્તુતિને સહન કરવા અસમર્થ છે. તે સાંભળીને રાજાએ કહ્યું કે-હે જટિલ (જટાધારિ અવધૂત!) તમે એવું વચન ન બોલો. તમે સ્તુતિ કરો તો ખરા, અમે જોઇયે છીએ કે-આ દેવ તમારી સ્તુતિ સહન કરે છે કે નહિ? તે પછી સૂરિજી સ્તુતિનો શ્લોક આ પ્રમાણે બોલ્યા-

॥ उपजातिवृत्तम् ॥

**स्वयंभुवं भूतसहस्रनेत्रमने-**
**कमेकाक्षरभावलिङ्गम् ॥**
**अव्यक्तमव्याहतविश्वलोक-**
**मनादिमध्यान्तमपुण्यपापम् ॥ १ ॥**

**અર્થ**:—પોતાની મેળે આત્મવીર્યથી જ્ઞાનને પ્રકટ કરનારા, જ્ઞાનરૂપી હજારો નેત્રને ધારણ કરનારા, અનેક ગુણોને ધારણ કરનાર અદ્વિતીય અને અવિનાશિભાવ લિંગને ધારણ કરનારા, અવ્યક્ત સમસ્ત જગતના જીવોને વ્યાઘાત નહિ કરનારા, આદિ મધ્ય તથા અંતરહિત ને પુણ્ય પાપરહિત એવા દેવને નમસ્કાર હો. ૧

આ રીતે શ્રી મહાવીર પ્રભુની સ્તુતિ કરીને પાર્શ્વનાથની સ્તુતિ કરતાં કલ્યાણ મંદિર સ્તોત્રનું અગિયારમું કાવ્ય બોલતાં શિવલિંગ ફાટયું ને તેમાંથી દિવ્યકાંતિવાળું શ્રી અવંતી પાર્શ્વનાથનું બિંબ પ્રકટ થયું. આશ્ચર્યમાં મગ્ન બનેલા તમામ જીવોએ આ ચમત્કારી બિંબને વંદના કરી માનવ જન્મ કૃતાર્થ કર્યો.

## શ્રી અવંતિ પાર્શ્વનાથનો ઇતિહાસ.

**વિક્રમરાજા**—હે સ્વામી! આ પાર્શ્વનાથના (સંવાદ) નામમાં પહેલો અવંતિ શબ્દ છે, તેનું શું કારણ?

**અવધૂત**—હે રાજન્! આ ઉજ્જયિનીનું બીજું નામ અવંતી નગરી છે, તેનું કારણ એ કે-આ ચોવીશીના પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવના અવંતી નામના પુત્રે તે વસાવી હતી. અહીંના રહીશ અવંતિ સુકુમાલના પુત્રે પોતાના પિતાના સ્મરણાર્થે આ પાર્શ્વનાથનું બિંબ ભરાવી, આર્યસુહસ્તિસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી પોતે બંધાવેલા આ મંદિરમાં સ્થાપન કર્યું, તેથી અવંતિ પાર્શ્વનાથ કહેવાયા. એટલે શરૂઆતમાં અવંતી શબ્દ સાથે આ બિંબ પ્રસિદ્ધિ પામ્યું.

**રાજા**—અવંતિસુકુમાલનું જીવન કૃપા કરી ટૂંકમાં જણાવો.

**અવધૂત**—હે રાજન્! આ નગરીમાં પહેલાં ભદ્ર નામે શેઠ થઇ ગયા. તે મહાધર્મી હતો. તે શ્રાવકને ભદ્રા નામે સ્ત્રી હતી. નલિનીગુલ્મ વિમાનના દેવતાઇ સુખ ઘણો કાળ ભોગવીને એક દેવ, દેવતાઈ આયુષ્ય પૂર્ણ થયા બાદ ભદ્રાની કુક્ષિમાં અવતર્યો. ઉત્તમ ગર્ભના પ્રભાવે માતાને સારા દોહદ થયા. તે ભદ્રશેઠે પૂર્ણ કર્યાં. બાદ અવસરે ભદ્રા શેઠાણીએ સુંદર રૂપને ધારણ કરનાર પુત્રને જન્મ આપ્યો, અવસરે અવંતી નગરમાં જન્મ્યો, ને સુકુમાલ હોવાથી માતા પિતાએ પુત્રનું અવંતીસુકુમાલ નામ પાડયું. અનુક્રમે તે કલાભ્યાસ કરી જ્યારે જુવાન થયો ત્યારે માતા પિતાએ તેને બત્રીશ સ્ત્રીઓ પરણાવી. તે સર્વ પ્રકારે સુખમય જીવન ગુજારતો હતો. એક વખત તે ઝરુખામાં બેઠો હતો ત્યારે તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નજીકમાં રહેલા આર્યસુહસ્તિસૂરિના મુખથી બોલાતા નલિનીગુલ્મ વિમાનના વર્ણનવાળું અધ્યયન સાંભળીને જાતિસ્મરણજ્ઞાન થયું. એટલે તેણે સૂરિજીની પાસે જઇને પૂછયું કે-હે ગુરુમહારાજ! શું તમે નલિનીગુલ્મ વિમાન-માંથી અહીં આવ્યા છો? ગુરુ બોલ્યા–ના, પરંતુ સર્વજ્ઞકથિત શાસ્ત્રોના આધારે અમે તેનું સ્વરૂપ જાણીએ છીએ.

**અવંતિસુકુમાલ**—તે નલિનીગુલ્મ વિમા-નના સુખ શી રીતે પ્રાપ્ત થાય?

**આર્યસુહસ્તિ**—નિર્મલ ચારિત્રની આરા-ધના કરવાથી સૌધર્મદેવ લોકમાં રહેલા તે વિમાનના સુખ પામી શકાય. તે સાંભળીને તરત જ તેણે પરમ ઉલ્લાસથી દીક્ષા ગ્રહણ કરી. હંમેશાં તપસ્યા કરવાને અશક્ત હોવાથી તે અવંતિ સુકુમાલ મુનિરાજ ગુરૂની આજ્ઞા લઇ અનશન ગ્રહણ કરીને શ્મશાનમાં કાઉસ્સગ્ગ ધ્યાને ઊભા રહ્યા. તે સમયે તેના પાછલા ભવની અપમાન પામેલી (દ્વેષણી) સ્ત્રી મરીને જે હાલ શિયાલણી થઇ હતી, તે પોતાના બચ્ચાં સાથે અહીં આવી, અને પૂર્વના વૈરને લીધે તે શિયાલણી મુનિના શરીરને ચાવી જવા લાગી. ત્રણ પહોરમાં મુનિનું આખું શરીર ખાઇ ગઈ. એટલે ચોથા પહોરમાં અવંતિ મુનિરાજ શુભ ધ્યાને મૃત્યુ પામી નલિનીગુલ્મ વિમાનમાં દેવપણે ઉપજ્યા. તેની માતા ભદ્રાએ સવારે આ બીના જાણી વૈરાગ્યવાસિત થઇને અવંતિ સુકુમાલની બત્રીશ સ્ત્રીઓમાંની એક ગર્ભિણી સ્ત્રી સિવાય બાકીની એકત્રીશ સ્ત્રીઓ સાથે દીક્ષા ગ્રહણ કરી. પરમ ઉલ્લાસથી તેની આરાધના કરી આત્મ કલ્યાણ કર્યું. તે ગર્ભિણી સ્ત્રીએ યોગ્ય અવસરે એક પુત્રને જન્મ આપ્યો. અનુક્રમે તે મોટો થયો, ત્યારે તેણે પોતાના પિતાના મૃત્યુસ્થાને આ પ્રાસાદ કરાવી તેમાં આ શ્રી પાર્શ્વનાથ સ્વામિનું બિંબ સ્થાપન કર્યું. અનુક્રમે કેટલેક કાળે બ્રાહ્મણોએ આ ચમત્કારી શ્રી પાર્શ્વનાથના બિંબની ઉપર શિવલિંગ સ્થાપન કર્યું તેથી હે રાજન્! તે શિવ અમારી કરેલી સ્તુતિને કેમ સહન કરી શકે? આ બીના સાંભળીને રાજા વિક્રમદિત્ય ઘણો જ રાજી થયો. તેના હૃદયમાં એવી દૃઢ છાપ પડી કે-શ્રી જૈને-ન્દ્રશાસન એ સત્ય દર્શન છે, સત્ય ધર્મ છે, અરિહંત પરમાત્મા એ જ સાચા દેવ, ને મહા-વ્રતોના સાધવિક સ્પૃહી મહાત્માઓ જ સાચા ગુરુ કહી શકાય. આ પ્રસંગે અવધુતના વેષમાં રહેલા શ્રી સિદ્ધસેન દિવાકર મહારાજે યથાર્થ દેવ–ગુરુ–ધર્મનું સ્વરૂપ વિસ્તારથી સમજાવ્યું તેથી તે રાજા મિથ્યાત્વનો ત્યાગ કરી સમ્ય-ગ્દર્શન ગુણને પામ્યો. ગુરુની પાસે શ્રાવકના બારે વ્રતોનું સ્વરૂપ સમજીને બાર વ્રતધારી શ્રાવક થયા.

રાજા વિક્રમાદિત્ય તે મહાપ્રભાવશાળી અવંતિ પાર્શ્વનાથના બિંબને આ મહાકાલ નામનાં મંદિરમાં સ્થાપન કરાવીને હંમેશાં પૂર્ણ ઉલ્લાસથી ત્રણે કાલ પૂજવા લાગ્યા. આ મંદિ-રના નભાવને માટે તેણે હજાર ગામની આવક અહીં વપરાય એ રીતે ભવિષ્યની પણ વ્યવસ્થા કરી દીધી. ગુરુમહારાજને ભાવથી વંદન કરી વિક્રમાદિત્ય સ્વસ્થાને ગયા. શ્રીસંઘ સિદ્ધસેન-સૂરિના પ્રભાવે થયેલી શ્રી જૈનેન્દ્રશાસનની આ અતિશય પ્રભાવના જાણીને બહુ પ્રસન્ન થયો. પરિણામે શ્રી સંઘે દિવાકરજીના આલોયણાના પાંચ વર્ષો જે બાકી હતા તે માફ કરીને તેમને સૂરિપદે સ્થાપન કર્યા.

## ઓંકારપુરમાં શ્રી જૈન મંદિર..

શ્રીસિદ્ધદિવાકરજી મહારાજ અહીંથી (અવં-તિમાંથી) વિહાર કરીને ફરતા ફરતા શ્રી ઓંકા-રપુરમાં પધાર્યા. તેમની અપૂર્વ ધર્મ–દેશના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંભળીને બહુ જ સંતુષ્ટ થયેલા શ્રાવકોએ શ્રી દિવાકરજીને આ પ્રમાણે વિનંતિ કરી કે-હે ગુરુમહારાજ ! અહીં જિનપૂજા, જિનદર્શન કરવા માટે શ્રી જિનમંદિરની ખાસ જરૂરિયાત છે, પણ મિથ્યાત્વીઓના જોરને લઇને અમારી મહેનત સફલ થતી નથી. અમે ચાહીએ છીએ કે-આપ ગુરુદેવના પસાયથી અહીં શ્રી જિનમંદિર થાય, તો અમે નિરાંતે પરમ ઉલ્લાસથી શ્રી જિનેશ્વરદેવની ભકિત કરી માનવજન્મ સફળ કરીએ. આ કાર્યને સિદ્ધ કરવા સિદ્ધસેનદિવાકરજી મહારાજા પાછા ઉજ્જયિનીમાં આવ્યા ને રાજસભાના દરવાજે ઊભા રહેલા દ્વારપાળને એક શ્લોક આપી કહ્યું કે-આ શ્લોક રાજા વિક્રમાદિત્યને આપી, તેના જવાબમાં જે જણાવે તે મને અહીં કહી જજે. તે શ્લોક આ પ્રમાણે જાણવો.

॥ अनुष्टुब्वृत्तम् ॥

**भिक्षुर्दिदृक्षुरायातस्तिष्ठति द्वारि वारितः ॥**
**हस्तन्यस्तचतुःश्लोकः,किंवाऽऽगच्छति गच्छति**

**અર્થ**:—એક ભિક્ષુક તમારા દર્શન કરવા ચાહે છે, પણ દ્વારપાલે અંદર આવતા તેને અટકાવ્યો, તેથી તે હાથમાં ચાર શ્લોક લઇને દરવાજે ઊભો છે. તે તમને પૂછાવે છે કે-તે આવે કે જાય. (૧) આ શ્લોક લઇને દ્વારપાલે રાજાને આપ્યો. રાજા વિક્રમે આ શ્લોકનો ભાવ જાણીને જવાબમાં નીચે જણાવેલો શ્લોક દ્વારપાલને દઇને કહ્યું કે-આ શ્લોક તે ભિક્ષુકને આપજે તે શ્લોક આ પ્રમાણે.

॥ अनुष्टुब्वृत्तम् ॥

**दीयते दशलक्षाणि, शासनानि चतुर्दश ॥**
**हस्तन्यस्तचतुःश्लोकः, यद्वाऽऽगच्छतु गच्छतु**

**અર્થ**:—જેના હાથમાં ચાર શ્લોક છે, તે ભિક્ષુકને દશ લાખ રૂપિયા ને ૧૪ ગામ આપવામાં આવે છે. તેને અહીં મારી પાસે આવવું હોય તો ભલે આવે ને જવું હોય તો ભલે જાય. ૨

દ્વારપાળે આપેલા આ શ્લોકનો ભાવ જાણીને શ્રી દિવાકરજી મહારાજ રાજસભામાં પધાર્યા. રાજાએ પોતાના ધર્મગુરુના દર્શન કરી વંદનાપૂર્વક રાજી થઇને યોગ્ય આસને બેસવા વિનંતિ કરી. સૂરિજીમહારાજ બેસીને દરેક દિશામાં રાજાની સન્મુખ એકેકે શ્લોક બોલ્યા. તે વખતે રાજા વિક્રમ પણ દરેક શ્લોક સાંભળીને દિશા બદલીને બેઠો. એટલે જેમ જેમ સૂરિજી એકેક શ્લોક બોલવા લાગ્યા તેમ તેમ તે રાજા દિશા બદલીને બેઠો. તે ચાર લોક શ્લોકો આ પ્રમાણે જાણવા.

अनुष्टुब्वृत्तम्–

**अपूर्वेयं धनुर्विद्या, भवता शिक्षिता कुतः ?**
**मार्गणौघः समभ्येति, गुणो याति दिगन्तरम् ॥**

**અર્થ**:—જે( ધનુર્વિદ્યા )માં માર્ગણનો સમૂહ સમીપે આવે છે, ને ગુણ દૂર દિગન્તરમાં જાય છે, આવી ધનુર્વિદ્યા, હે રાજન્ ! તમે કયાંથી શીખ્યા ? ( તે કહો ) આ શ્લોકમાં જણાવેલા 'માર્ગણ' શબ્દના ૧ માગણ-ભિખારી, અને ૨ બાણ આ બે અર્થો તથા ગુણ શબ્દના ૧ દોરી અને ૨ દાનાદિ સદ્ગુણો ( લક્ષણથી સદ્ગુણોની કીર્ત્તિ ) આ બે અર્થો તરફ લક્ષ્ય રાખીને વિરોધરૂપ અર્થ પ્રકટ કરી તેનો પરિહાર કરવો. તે આ પ્રમાણે-ધનુર્ધારી જ્યારે બાણ ફેંકે ત્યારે માર્ગણ-બાણ દૂર જાય ને ગુણ એટલે દોરી નજીકમાં રહે એવું બને છે. અને અહીં વિક્રમરાજા જ્યારે દાન આપતા હતા ત્યારે માર્ગણ-માગણ લોકો નજીકમાં આવતા હતા ને તેના ગુણ-દાનાદિ ગુણોની કીર્ત્તિ દૂર દશે દિશામાં ફેલાતી હતી. આ રીતે વિરોધાર્થનો પરિહાર તે બે અર્થો તરફ લક્ષ્ય રાખીને કરી શકાય. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ શ્લોક સાંભળીને વિક્રમાદિત્યે દિશા બદલીને બીજી દિશામાં મુખ રાખ્યું ત્યારે સિદ્ધસેનદિવાકર આ પ્રમાણે બીજો શ્લોક બોલ્યા.

॥ अनुष्टुब्वृत्तम् ॥

**सरस्वती स्थिता वक्त्रे, लक्ष्मीः करसरोरुहे ॥**
**कीर्तिः किं कुपिता राजन् !, येन देशान्तरं गता**

**અર્થ**:—હે રાજન્! સરસ્વતી તો તમારા મુખમાં રહી છે, અને લક્ષ્મી હસ્તકમળમાં રહી છે છતાં તારી કીર્તિ કોપાયમાન થઈને દેશાંતરમાં કેમ ચાલી ગઈ ? ૨

આ શ્લોક સાંભળીને રાજાએ ત્રીજી દિશામાં મુખ ફેરવ્યું ત્યારે સૂરિજી આ પ્રમાણે ત્રીજો શ્લોક બોલ્યા.

॥ अनुष्टुब्वृत्तम् ॥

**सर्वदा सर्वदोऽसीति, मिथ्या संस्तूयसे बुधैः ॥**
**नारयो लेभिरे पृष्ठं, न वक्षः परयोषितः ॥३॥**

**અર્થ**:—હે રાજન્! તમે શત્રુને તમારી પીઠ આપતા (બતાવતા) નથી, ને પરસ્ત્રીને વક્ષ:સ્થળ (છાતી) આપતા નથી છતાં તમે હંમેશાં સર્વ (પદાર્થ)ને આપો છો. આ રીતે પંડિતો જે તમારી સ્તુતિ કરે છે, તે સાચી નથી (ખોટી છે.) ૩

આ શ્લોક સાંભળીને રાજા ચોથી દિશામાં મુખ ફેરવી બેઠા ત્યારે સૂરિજી આ પ્રમાણે શ્લોક બોલ્યા.

॥ अनुष्टुब्वृत्तम् ॥

**कीर्त्तिस्ते जातजाड्येव, चतुरम्भोधिमज्जनात् ॥**
**आतपाय धरानाथ ! गता मार्त्तंडमंडलम् ॥४॥**

**અર્થ**:—હે રાજન્! તમારી કીર્ત્તિ ચાર સમુદ્રમાં મગ્ન થવાથી તેને જાણે ટાઢ ચઢી હોય તેથી તે આતપ લેવા માટે (શરદી દૂર કરવા માટે) સૂર્યમંડલ તરફ ચાલી ગઈ. એટલે અહીં સમુદ્રના છેડા સુધી તમારી કીર્તિ ફેલાઇ ગઇ છે એમાં તો નવાઇ શી ? પણ તે ઉપરાંત દેવલોકમાં પણ તમારી કીર્તિ ગવાય છે–દેવો પણ તમારા વખાણ કરે છે.

આ રીતે ચારે શ્લોકો સાંભળીને બહુ જ રાજી થઇને વિક્રમાદિત્યે સૂરિજી મહારાજને કહ્યું કે–હું તમને ચારે દિશાનું મારું રાજ્ય આપું છું, તે તમે ગ્રહણ કરીને મને કૃતાર્થ કરો. સૂરિજી-મહારાજે રાજાને કહ્યું કે–અમે એક કોડી પણ ન રાખી શકીએ, તો પછી રાજ્યને કઇ રીતે ગ્રહણ કરી શકીએ ? રાજ્યનું પાલન કરવું ને સંપૂર્ણ સંયમની સાધના કરવી, એ બે તદ્દન વિરુદ્ધ વસ્તુ છે. ત્યાગી પુરુષો નિઃસ્પૃહ હોવાથી આવા અનેકવિધ ઉપાધિઓની વિડંબનાથી ભરેલા રાજ્યની મનથી પણ ચાહના કરે જ નહિ. તમારું આ રાજ્ય, તે મહારંભાદિ (યુદ્ધાદિ) પ્રવૃત્તિમય છે, ને અમારું ખરું રાજ્ય એ પરમ નિવૃત્તિમય છે. વ્યાવહારિક રાજ્ય એ વાસ્તવિક (આત્મિક) રાજ્ય છે જ નહિ, એમ જાણીને શ્રી ઋષભદેવ ભગવંતના ૯૮ પુત્રોએ તેવા તુચ્છ રાજ્યનો ત્યાગ કરીને પ્રભુ ઋષભદેવની પાસે દીક્ષા ગ્રહણ કરી, ને પરમ ઉલ્લાસથી તેની સાત્વિકી આરાધના કરીને તે સર્વ મોક્ષે ગયા. તે જ પ્રમાણે ભરત ચક્રી વગેરે ભવ્ય જીવો પણ છ ખંડ ઋદ્ધિનો ત્યાગ કરી નિર્મલ સંયમની આરાધના કરી મોક્ષના અવ્યાબાધ સુખ પામ્યા. તમારું રાજ્ય અનેક પ્રકારના ભયથી ભરેલું છે, ને અમારું રાજ્ય એ તદ્દન નિર્ભય છે, માટે કયો ડાહ્યો માણસ આવા વ્યાવહારિક રાજ્યની ચાહના કરે ? સૂરિજીના અપૂર્વ ત્યાગભાવનાથી ભરેલા વચનો સાંભળીને બહુ જ સંતોષ પામેલા વિક્રમાદિત્યે સૂરિજી મહારાજને હાથ જોડીને પૂછ્યું કે–જ્યારે આપને રાજ્યની ઇચ્છા નથી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો આપની શી ઇચ્છા છે ? ઉત્તરમાં સૂરિજીએ જણાવ્યું કે–હે રાજન્ ! ઓંકારપુરમાં શ્રી જિન-મંદિર નથી, તેથી ત્યાંના શ્રાવકો પ્રભુપૂજા કરી શકતા નથી માટે તમે મહાદેવના પ્રાસાદ-થી ઊંચો શ્રી જિનપ્રાસાદ બંધાવી આપો, ને તેમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુના બિંબને પ્રતિષ્ઠિત કરાવી દો, તો શ્રાવકો પરમ ઉલ્લાસથી જિનદર્શન–પૂજાદિનો લાભ મેળવી આત્મ-કલ્યાણ જરૂર કરશે. તમારા જેવા પરમાર્હત્ દાનવીર રાજાઓ પહેલાં પણ ઘણાં જિનમંદિરો બંધાવી તથા શ્રી જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરી બંને ભવ સફલ કરી ગયા, તેમ તમારે પણ કરવું એ શ્રાવક ધર્મને ઉચિત છે, બંને ભવમાં મહા-કલ્યાણકારી છે. સૂરિજી મહારાજની આ માગણી સહર્ષ સ્વીકારી રાજા વિક્રમાદિત્યે તરત જ ઓંકારપુરમાં અધિક ઊંચાઇવાળું શ્રી પાર્શ્વ-નાથનું મંદિર બંધાવી દીધું.

શ્રી સિદ્ધસેન દિવાકરજી મહારાજ પૃથ્વી-તલ પર વિચરતા વિચરતા દક્ષિણ દેશમાં ગણાતા શ્રી પ્રતિષ્ઠાનપુરમાં (પેંઠાણમાં) પધાર્યા. આ વખતે સૂરિજી મહારાજે જ્ઞાનોપયોગથી જાણ્યું કે–હવે મારા આયુષ્યનો અંત નજીક છે તેથી તેઓશ્રી સર્વ જીવોને ખમાવીને સમાધિમરણનું વિધાન કરીને આ વિનશ્વર ઔદારિક દેહનો ત્યાગ કરી વિશિષ્ટ દેવતાઇ ઋદ્ધિને પામ્યા. આવા મહાપુરુષ કાલધર્મ પામ્યા તેથી બહુ દિલગીર થયેલા પ્રતિષ્ઠાનપુરના શ્રી સંઘે આ સમાચાર ચિતોડગઢમાં જણવવા માટે એક કુશળ બ્રાહ્મણને ત્યાં મોકલ્યો. તે બ્રાહ્મણ ચિતોડ-ગઢમાં આવીને ટેલ નાંખતો નાંખતો અર્ધો શ્લોક આ પ્રમાણે વારંવાર બોલવા લાગ્યો.

**इदानीं वादिखद्योता, द्योतन्ते दक्षिणापथे ।**

એટલે હાલમાં વાદિરૂપી આગીઆ જંતુઓ દક્ષિણ દેશમાં ચકચકાટ (પ્રકાશ) કરી રહ્યા છે. આ બે પદ સાંભળીને સિદ્ધસેન દિવાકરની બેન સરસ્વતી સૂરિજીના મરણને જાણીને આ પ્રમાણે અર્ધો શ્લોક બોલી—

**नूनमस्तंगतो वादी सिद्धसेनो दिवाकरः ।**

એટલે નક્કી વાદી શ્રી સિદ્ધસેન દિવાકર અસ્ત થયા (કાલધર્મ પામ્યા.) એ બ્રાહ્મણના બે પદ પરથી જણાય છે. યોગ્ય અવસરે બ્રાહ્મણે શ્રી સંઘ વગેરેને તથા સૂરિજીના બ્હેન સરસ્વતી વગેરેને કાલધર્મની તમામ બીના જણાવી. તે સાંભળી તમામ લોકો બહુ જ દિલગીર થયા. જેમ સિંહનો શબ્દ સાંભળીને મોટા મોટા બલવંત હાથીઓ પણ પોતાનો મદ તજી દે તેમ વૃદ્ધવાદી અને સિદ્ધસેન દિવાકરનો શબ્દ સાંભળીને ન્યાયશાસ્ત્રાદિમાં પ્રવીણ વાદીઓ પણ ગર્વનો ત્યાગ કરતા હતા.

શ્રી સિદ્ધસેન દિવાકરજી મહારાજની બા-બતમાં આથી વધુ બીના મળી શકી નથી. તે માટે પ્રયત્ન ચાલુ છે. અવસરે મળેલી બીના જણાવવા ભાવના છે. પૂજ્ય શ્રી દિવાકરજી મહારાજાની દેશના દેવાની શૈલી અપૂર્વ હતી. તેના જ પ્રતાપે તેઓશ્રી દેવપાલ રાજા તથા રાજા વિક્રમાદિત્ય વગેરેને જૈનધર્મી બનાવી શક્યા. ચૌદ સો ચુમાલીસ ગ્રંથો બનાવનાર શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ, વાદિ દેવસૂરિ, મુનિરત્નસૂરિ, પ્રભાચંદ્રસૂરિ, પ્રદ્યુમ્નસૂરિ, કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ વગેરે મહાપુરુષોએ પણ તેઓશ્રી પ્રત્યે સુંદર બહુમાન પ્રકટ કર્યું છે. તે નીચે જણાવેલા શ્લોકો ઉપરથી સાબિત થાય છે—

**सुअकेवालिणा जओ भणियं**
**तथा आयरियसिद्धसेणेण,**
**सम्मईए पइट्ठिअजसेण ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



दूसमनिसादिवागर–
कप्पत्तणओ तदक्केणं ॥१०४८॥

**અર્થ**—સમ્મતિ ગ્રંથની રચના કરવાથી જેમણે સ્થિર યશ મેળવ્યો છે, ને જે દુષ્ષમ કાળરૂપી અંધકારમય રાત્રિને દૂર કરવા સૂર્ય જેવા હતા તેથી 'દિવાકર' એવા નામે પ્રસિદ્ધ શ્રુતકેવલી શ્રી સિદ્ધસેનસૂરિજી મહારાજે કહ્યું છે કે—પરસ્પર અપેક્ષાવાળા કાલાદિ પાંચે પદાર્થો જગતના વિવિધ બનાવોમાં કારણ છે વગેરે. અને શ્રી વાદિદેવસૂરિ મહારાજ સ્યાદ્વાદરત્નાકરમાં જણાવે છે કે—

॥ वसंततिलकावृत्तम् ॥

श्रीसिद्धसेनहरिभद्रमुखाः प्रसिद्धा–
स्ते सूरयो मयि भवन्तु कृतप्रसादाः ॥
येषां विमृश्य सततं विविधान् निबंधान्,
शास्त्रं चिकीर्षति तनुप्रतिमोऽपि मादृक् ॥१॥

**અર્થ**—જે પૂજ્યપુરુષોના રચેલા જુદા જુદા ગ્રંથોનો વિચાર કરીને મારા જેવો અલ્પ બુદ્ધિવાળો પણ સાધુ નવીન શાસ્ત્ર બનાવવાને ચાહે છે, તે શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ, હરિભદ્રસૂરિ વગેરે ગુરુવર્યો મારી ઉપર પ્રસાદવાળા થાઓ ૧

તથા પૂર્ણિમા ગચ્છના શ્રી સમુદ્રસૂરિના શિષ્ય મુનિરત્નસૂરિ મહારાજે પાટણમાં વિ૦ સં૦ ૧૨૫૨માં જગદેવ મંત્રીની પ્રાર્થનાથી બનાવેલા શ્રી અમમચરિત્રમાં જણાવ્યું છે કે—

॥ अनुष्टुब्वृत्तम् ॥

उदितोऽर्हन्मतव्योम्नि, सिद्धसेनो दिवाकरः ।
चित्रं गोभिः क्षितौ जह्रे, कविराजबुधप्रभाः ।१।

આ શ્લોકમાં કર્તાએ શ્રી સિદ્ધસેનસૂરિ–શ્રી જૈનેન્દ્ર શાસનરૂપી આકાશને વિકસ્વર કરવા સૂર્ય જેવા થઇ ગયા. વગેરે બીના જણાવી છે.

તથા શ્રી પ્રભાવક ચરિત્રમાં શ્રી પ્રભાચંદ્રસૂરિજીએ જણાવ્યું છે કે—

स्फुरंति वादिखद्योताः, सांप्रतं दक्षिणापथे ।
नूनमस्तंगतो वादी, सिद्धसेनो दिवाकरः ।१।

**અર્થ**:—શ્રી સિદ્ધસેન દિવાકર અસ્ત થયા એટલે કાલધર્મ પામ્યા, તેથી દક્ષિણાપથમાં હાલ વાદીરૂપી આગીઆ ઘૂમી રહ્યા છે ૧

તેમજ વિ૦ સં૦ ૧૩૨૪ માં શ્રી પ્રદ્યુમ્નસૂરિએ બનાવેલા શ્રી સમરાદિત્ય સંક્ષેપમાં જણાવ્યું છે કે—

तमःस्तोमं स हन्तु, श्रीसिद्धसेनो दिवाकरः ।
यस्योदये स्थितं मूकै-रुलूकैरिव वादिभिः ।१।

**અર્થ**:—જેનો ઉદય થતાં (જેની હયાતીમાં) જેમ સૂર્યોદયે ઘુવડ મૂંગા(અંધ) થઇ જાય તેમ વાદીઓ બોલતા બંધ થઈ ગયા, તે સિદ્ધસેન દિવાકરજી અમારા અજ્ઞાનરૂપી અંધકારના સમૂહને હણો. ૧

ન્યાયાચાર્ય યશોવિજય મહારાજે આઠ પ્રભાવકની સજ્ઝાયમાં શ્રી સિદ્ધસેન દિવાકરને આઠમા પ્રભાવક તરીકે જણાવ્યા છે.

દિવાકરજીના ગ્રંથોનો ટૂંક પરિચય અલગ લેખમાં કરાવ્યો છે, તે ત્યાંથી જાણી લેવો. ઐતિહાસિક ઉપલબ્ધ સાધનોના આધારે બહુ જ ટૂંકામાં શ્રી સિદ્ધસેન દિવાકરની બીના જણાવી છે. ભવ્યજીવો આ મહાપુરુષના પગલે ચાલી આત્મકલ્યાણ કરે, એ જ હાર્દિક ભાવના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાદ–પ્રતિવાદના ભેદ-પ્રભેદો

લેખકઃ—મુનિશ્રી પુણ્યવિજયજી (સંવિગ્નપાક્ષિક)

**વા**દ એ વાદી અને પ્રતિવાદી એ બન્નેથી સંબંધ રાખે છે. વાદી અને પ્રતિવાદી એ બન્નેની વચનપ્રવૃત્તિ પરપક્ષનિરાસ અને સ્વપક્ષસિદ્ધિ માટે હોય છે. આ ઉદ્દેશથી થતી વચનપ્રવૃત્તિને '**વાદ**' કહેવામાં આવે છે. વાદનો પ્રારંભ બે પ્રકારની ઇચ્છાથી ઉદ્‌ભવે છે. એક વિજયલક્ષ્મીની ઇચ્છાથી અને બીજી તત્ત્વનિશ્ચયની ઇચ્છાથી. આ ઉપરથી વાદીઓમાં કેટલાક વિજયલક્ષ્મીની ઇચ્છાવાળા અને કેટલાક તત્ત્વનિશ્ચયની સ્પૃહાવાળા હોય છે. અને એથી '**જિગીષુ**' તથા '**તત્ત્વનિર્ણિનીષુ**' એમ વાદી–પ્રતિવાદીના બે ભેદો પડે છે. તત્ત્વનિર્ણિનીષુ પણ બે વિભાગોમાં વિભક્ત થાય છે–એક **સ્વા**ત્મતત્ત્વનિર્ણિનીષુ (સ્વ આત્મામાં તત્ત્વનિર્ણય કરવા ઇચ્છનાર) અને બીજા **પ**રત્વતત્ત્વનિર્ણિનીષુ (પ્રતિપક્ષીને તત્ત્વનિર્ણય કરી આપવા ઇચ્છનાર) વળી પરત્વતત્ત્વનિર્ણિનીષુ પણ બે ભેદોમાં વહેંચી શકાય છે. એક તો ક્ષાયોપશમિક જ્ઞાનવાન્ અર્થાત્ અસર્વજ્ઞ અને બીજા સર્વજ્ઞ. આ પ્રમાણે ગણત્રી કરતાં વાદી–પ્રતિવાદીના ચાર ભેદો થાય છે, તે આવી રીતે—

૧ જિગીષુ, ૨ સ્વાત્મામાં તત્ત્વનિર્ણયેચ્છુ, ૩ પરત્વતત્ત્વનિર્ણિનીષુ ક્ષાયોપશમિક જ્ઞાની અને ૪ પરત્વતત્ત્વનિર્ણયપ્રવૃત્તસર્વજ્ઞ.

આ ચાર પ્રકારના વાદી તથા પ્રતિવાદી થયા. હવે એક એક વાદી સાથે એક એક પ્રતિવાદીનો વાદ માનતા વાદના સોળ ભેદ પડે છે તે આવી રીતે—

પ્રથમ જિગીષુ સાથે સંબંધ રાખતા ચાર ભેદો—

(૧)

જિગીષુ સાથે જિગીષુ ૧, સ્વાત્મામાં તત્ત્વનિર્ણયેચ્છુ સાથે જિગીષુ ૨, પરત્વતત્ત્વનિર્ણયેચ્છુ ક્ષાયોપશમિક જ્ઞાની સાથે જિગીષુ ૩, અને પરત્વતત્ત્વનિર્ણયપ્રવૃત્તસર્વજ્ઞ સાથે જિગીષુ ૪.

(૨)

બીજા સ્વાત્મતત્ત્વનિર્ણયેચ્છુની સાથે સંબંધ રાખતા ચાર ભેદો—

સ્વાત્મામાં તત્ત્વનિર્ણયેચ્છુ સાથે જિગીષુ ૧, સ્વાત્મામાં તત્ત્વનિર્ણયેચ્છુ સાથે સ્વાત્મામાં તત્ત્વનિર્ણયેચ્છુ ૨, પરત્વતત્ત્વનિર્ણયેચ્છુ ક્ષાયોપશમિક જ્ઞાની સાથે સ્વાત્મામાં તત્ત્વનિર્ણયેચ્છુ ૩ અને પરત્વતત્ત્વનિર્ણયપ્રવૃત્ત કેવળજ્ઞાની સાથે સ્વાત્મામાં તત્ત્વનિર્ણયેચ્છુ ૪.

(૩)

ત્રીજા પરત્વતત્ત્વનિર્ણયેચ્છુ ક્ષાયોપશમિક જ્ઞાની સાથે સંબંધ રાખતા ચાર ભેદો—

પરત્વતત્ત્વનિર્ણયેચ્છુ ક્ષાયોપશમિક જ્ઞાની સાથે જિગીષુ ૧, સ્વાત્મામાં તત્ત્વનિર્ણયેચ્છુ સાથે પરત્વતત્ત્વનિર્ણયેચ્છુ ક્ષાયોપશમિક જ્ઞાની ૨, પરત્વતત્ત્વનિર્ણયેચ્છુ ક્ષાયોપશમિક જ્ઞાની સાથે પરત્વતત્ત્વનિર્ણયેચ્છુ ક્ષાયોપશમિક જ્ઞાની ૩. અને પરત્વતત્ત્વનિર્ણયપ્રવૃત્ત કેવળજ્ઞાની સાથે પરત્વતત્ત્વનિર્ણયેચ્છુ ક્ષાયોપશમિક જ્ઞાની ૪.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૪ )

ચોથા પરવત્તત્ત્વનિર્ણયપ્રવૃત્ત કેવળજ્ઞાની સાથે સંબંધ રાખતા ચાર ભેદો–પરત્વતત્ત્વનિર્ણય પ્રવૃત્ત કેવળજ્ઞાની સાથે જિગીષુ ૧, સ્વાત્મામાં તત્ત્વનિર્ણયેચ્છુ સાથે પરત્વતત્ત્વનિર્ણય પ્રવૃત્ત કેવળજ્ઞાની ૨, પરત્વતત્ત્વનિર્ણયેચ્છુ ક્ષાયોપશમિક જ્ઞાની સાથે પરત્વતત્ત્વનિર્ણયપ્રવૃત્ત કેવળજ્ઞાની ૩ અને પરત્વતત્ત્વનિર્ણયપ્રવૃત્ત કેવળજ્ઞાની સાથે પરત્વતત્ત્વનિર્ણયપ્રવૃત્ત કેવળજ્ઞાની. ૪.

આ પ્રમાણે ચાર ચાર ભેદના ચાર વર્ગ પાડતાં વાદના સોળ ભેદ થવા છતાં પણ પ્રથમ ચતુષ્ક વર્ગમાં બીજો ભેદ, દ્વિતીય ચતુષ્ક વર્ગમાં પ્રથમ તથા દ્વિતીય એમ બે ભેદો અને ચતુર્થ ચતુષ્ક વર્ગમાં ચોથો ભેદ એમ કુલ ચાર ભેદો કાઢી નાંખવા જોઇએ; કેમકે જિગીષુ સાથે સ્વાત્મામાં તત્ત્વનિર્ણયેચ્છુનો વાદ હોઇ શકતો નથી, કારણ એ છે કે–સ્વાત્મામાં તત્ત્વ નિશ્ચય ચાહવાવાળો ખુદ જ તત્ત્વજ્ઞાનની તૃષાથી જ્યારે વ્યાકુળ છે, તો પછી તે વિજયલક્ષ્મીની આકાંક્ષા રાખનાર સાથે વાદભૂમિનો સંબંધ ધરાવવા શી રીતે યોગ્ય કહી શકાય ? અર્થાત્ ન કહી શકાય. એ માટે પ્રથમ ચતુષ્ક વર્ગનો બીજો ભેદ વાદભૂમિથી બહાર છે અને એ જ કારણથી દ્વિતીય ચતુષ્ક વર્ગનો પ્રથમ ભેદ પણ નિરસ્ત થઇ જાય છે. હવે જ્યાં બન્ને વ્યક્તિઓ સ્વાત્મામાં તત્ત્વનિર્ણયેચ્છુ હોય ત્યાં તે બન્ને પરસ્પર વાદ કરવાને અધિકારી નથી એ સુસ્પષ્ટ છે. એથી દ્વિતીય ચતુષ્ક વર્ગનો બીજો ભેદ નીકળી જાય છે. બન્ને કેવળજ્ઞાનીઓનો વાદ અસંભવ જ હોવાથી ચતુર્થ ચતુષ્ક વર્ગનો ચોથો ભેદ પણ ઊડી જાય છે. આમ ચાર ભેદો નીકળી જતાં વાદભૂમિકાના બાર પ્રકારો ઘટે છે, તે આવી રીતે—

જિગીષુ સ્વાત્મામાં તત્ત્વનિર્ણયેચ્છુ સાથે વાદ–પ્રતિવાદ કરી શકે નહિ, એ સિવાય ત્રણેની ૧ જિગીષુ, ૨ પરત્વતત્ત્વનિર્ણયેચ્છુ ક્ષાયોપશમિક જ્ઞાની અને ૩ પરત્વતત્ત્વનિર્ણયપ્રવૃત્ત સર્વજ્ઞ વાદ–પ્રતિવાદી કરી શકે છે.

સ્વાત્મામાં તત્ત્વનિર્ણયેચ્છુ જિગીષુ સાથે તેમજ સ્વાત્મામાં તત્ત્વનિર્ણયેચ્છુ સ્વાત્મામાં તત્ત્વનિર્ણયેચ્છુ સાથે વાદ–પ્રતિવાદ કરવાને લાયક નથી. તે સિવાય પરત્વતત્ત્વનિર્ણયેચ્છુ અસર્વજ્ઞ અથવા સર્વજ્ઞ સાથે વાદ–પ્રતિવાદ કરવાને યોગ્ય છે.

પરત્વતત્ત્વનિર્ણયેચ્છુ અસર્વજ્ઞ, જિગીષુ વિગેરે ચારેની સાથે વાદ–પ્રતિવાદ કરવાને યોગ્ય છે.

પરત્વતત્ત્વનિર્ણયપ્રવૃત્ત સર્વજ્ઞ સાથે જિગીષુ ૧, સ્વાત્મામાં તત્ત્વનિર્ણયેચ્છુ સાથે પરત્વ તત્ત્વનિર્ણય સર્વજ્ઞ ૨, અને પરત્વતત્ત્વનિર્ણયેચ્છુ અસર્વજ્ઞ સાથે પરત્વતત્ત્વનિર્ણયપ્રવૃત્ત સર્વજ્ઞ ૩ એ ત્રણ વાદ–પ્રતિવાદના પ્રસંગમાં ઉતરી શકે છે, પણ પરત્વતત્ત્વનિર્ણયપ્રવૃત્ત સર્વજ્ઞ સાથે ૫૦ ત૦ નિ૦ પ્ર૦ સર્વજ્ઞ ઉતરી શકે નહિ.

આ પ્રમાણે જિગીષુ સાથે સંબંધ રાખતા ત્રણ ભેદો, સ્વાત્મામાં તત્ત્વનિર્ણયેચ્છુની સાથે સંબંધ રાખતા બે ભેદો, પરત્વતત્ત્વનિર્ણયેચ્છુ અસર્વજ્ઞ સાથે સંબંધ રાખતા ચાર ભેદો અને પરત્વતત્ત્વનિર્ણયપ્રવૃત્ત સર્વજ્ઞ સાથે સંબંધ રાખતા ત્રણ ભેદો એમ બધા મળી બાર ભેદો વાદભૂમિકામાં ઘટે છે.

જે વાદમાં વાદી યા પ્રતિવાદી તરીકે જિગીષુ હોય, તે વાદ મધ્યસ્થ સભાસદો અને સભાપતિના સમક્ષમાં હોવો જોઇએ, જેથી ઉપદ્રવનો પ્રસંગ ન ઉદ્ભવે. એથી જ જિગીષુના વાદને ચતુરંગ ( વાદી, પ્રતિવાદી, સભ્ય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સભાપતિ એ ચારે અંગોથી યુક્ત) બતાવવામાં આવ્યો છે. જ્યાં વાદી અને પ્રતિવાદી બન્ને તત્ત્વનિર્ણિનીષુ (સ્વાત્મામાં તત્ત્વનિર્ણય ઈચ્છનાર અથવા બીજાને નિર્ણીતતત્ત્વ બનાવવા ચાહનાર) મળ્યા હોય ત્યાં સભ્ય, સભાપતિની આવશ્યકતા હોતી નથી; કેમ કે જ્યાં ખૂદ વાદી-પ્રતિવાદી પોતે જ તત્ત્વનિર્ણય કરવા યા કરાવવાના ઉમેદવાર છે ત્યાં કોઇ ઉપદ્રવનો સંભવ હોય જ શાનો કે જેથી સભ્ય-સભાપતિની જરૂર હોઇ શકે? એટલું છે કે અગર પરત્વતત્ત્વનિર્ણિનીષુ ક્ષાયોપશમિક જ્ઞાની સામા પ્રતિવાદીના હૃદયમાં યથાર્થ રીતે તત્ત્વનિર્ણય ઉપર શ્રદ્ધા ન બેસાડી શકે, તો તેવા વાદ અવસરે મધ્યસ્થ સભાસદોની હાજરી હોવી જરૂરની છે. જે વાદભૂમિમાં જિગીષુ ન હોય અને સર્વજ્ઞ વાદી યા પ્રતિવાદી હોય, તો તે સ્થળે સભ્ય સભાપતિની જરૂર પડતી નથી. અહીં એક પ્રશ્ન ઊભો થાય છે કે-કોઇ એવો જિગીષુ અથવા પરત્વતત્ત્વનિર્ણિનીષુ મનુષ્ય હોય ખરો કે જે સર્વજ્ઞને પણ યુક્તિ-પ્રપંચોથી જીતવાની અથવા તેમને તત્ત્વજ્ઞ બનાવવાની ઇચ્છા રાખી તેમની સાથે વાદમાં ઉતરે? પરંતુ સમજવું જોઇએ કે-મોહની દારુણતા સીમા વગરની છે. વિચિત્ર પ્રકૃતિના માણસોથી સંસાર ભરેલો છે, તો પછી ઉપર કહ્યો તેવો કોઇ માણસ નીકળે એમાં અસંભવ જેવું નથી. સુપ્રસિદ્ધ વાત છે કે-ભગવાન **મહાવીરસ્વામીને** જીતવા માટે **ઇન્દ્રભૂતિ-ગૌતમ** કેવા અહંકારપૂર્ણ આડંબરથી તેમની પાસે આવ્યા હતા? (પછીથી જો કે પ્રભુની મુદ્રા અને તેમના મધુર વચનોથી પ્રશાન્ત થયા. અસ્તુ.)

વાદ-કથા માટે સભાસદો એવા હોવા જોઇએ કે જેઓ વાદી-પ્રતિવાદીના સિદ્ધાન્તોને સમજવામાં બહુ કુશળ હોય, તે સિદ્ધાન્તોને ધારણ કરવામાં બહુ નિપુણ હોય એવા બહુશ્રુત તથા પ્રતિભા, ક્ષમા અને માધ્યસ્થભાવવાળા હોય. આવા સભ્યો વાદી-પ્રતિવાદી બન્નેની સંમતિપૂર્વક મુકરર કરવામાં આવેલા હોવા જોઇએ.

સભાસદોનું કર્ત્તવ્ય એ છે કે-વાદસ્થાન સ્થિર કરવું અને જે વિષય ઉપર વાદકથા ચલાવવાની હોય તેનો પ્રસ્તાવ, તથા પૂર્વપક્ષ-ઉત્તરપક્ષનો નિયમ કરવો, તેમજ વાદી-પ્રતિવાદીની પરસ્પર સાધક-બાધક યુક્તિઓના ગુણ-દૂષણનું અવધારણ કરવું. વળી સમય ઉપર ઉચિત રીતે યથાર્થ તત્ત્વને જાહેર કરી કથા બંધ કરાવવી. એ પ્રમાણે ફલની ઉદ્ઘોષણા કરવી અર્થાત્ વાદી-પ્રતિવાદીના જય અને પરાજય હોય તે વિષેનું પ્રકટીકરણ કરવું.

વાદને માટે સભાપતિ એવો હોવો જોઇએ કે જે પ્રજ્ઞાવાન, આજ્ઞેશ્વર અને મધ્યસ્થદૃષ્ટિ હોય, પ્રજ્ઞા વગરનો સભાપતિ વાદભૂમિની અંદર કોઇ પ્રસંગ પર તાત્ત્વિક વિષય પર બોલવાનું આવી પડે તો શું બોલી શકશે? એ માટે સભાપતિમાં પ્રથમ ગુણ પ્રજ્ઞા અપેક્ષિત છે. આજ્ઞેશ્વરત્વ ગુણ પણ સભાપતિમાં અતિ આવશ્યકતા ધરાવે છે, નહિ તો કદાચિત કલહ-ફિસાદ ઊભો થતાં વાદકથાનું પરિણામ શું આવે? એ જ પ્રમાણે મધ્યસ્થ દૃષ્ટિ રાખવાનો પણ સ્વભાવ સભાપતિને માટે અતિ જરૂરનો છે.

સભાપતિનું કર્ત્તવ્ય વાદી, પ્રતિવાદી અને સભાસદોથી પ્રતિપાદિત થયેલા પદાર્થોનું અવધારણ કરવું, વાદમાં કોઇ ઝગડો ઊભો કરે તો તેને અટકાવવો અને વાદ પહેલા વાદી-પ્રતિવાદીમાં જે પ્રતિજ્ઞા થઇ હોય અર્થાત્ જે હારે તે વિજેતાનો શિષ્ય થાય એવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યા બીજા પ્રકારની જે પ્રતિજ્ઞા થઈ હોય તેને પૂર્ણ કરાવવી તથા પારિતોષિક આપવું એ છે.

અન્ય વિદ્વાનો વાદ, જલ્પ અને વિતંડા એમ કથાના ત્રણ વિભાગો માને છે. છલ વિગેરેનો પ્રયોગ જેમાં થાય તે કથાને 'જલ્પ' કહેવામાં આવી છે. સ્વપક્ષસ્થાપન તરફ પ્રવૃત્તિ નહિ કરતાં પરપક્ષનો પ્રતિક્ષેપ કરવા તરફ વાગાડંબર ઉઠાવવો એને 'વિતંડા' કહેવામાં આવી છે. આ વિતંડા વસ્તુસ્થિતિએ કથા હોવાને યોગ્ય નથી. જલ્પ કથાનો વાદમાં સમાવેશ થઈ શકે છે. જિગીષુના છ વાદિત્વ યા પ્રતિવાદીત્વમાં જે કથા ચાલે છે, તેને વાદકથા પણ કહી શકાય છે.

વાદકથામાં છલપ્રયોગ ન થાય એ ખરી વાત છે, પણ કદાચિત્ અપવાદ દશામાં છલ પ્રયોગ કરવામાં આવે, તો એથી તે વાદકથા મટી શકતી નથી. 'જલ્પ' ને વાદકથાનો જ એક વિશેષ ભાગ માનીએ તો એ ખોટું નથી.

પ્રકારાન્તરથી વાદના ત્રણ ભેદો પડે છે. શુષ્કવાદ, વિવાદ અને ધર્મવાદ. બકવાદી અધર્માત્માની સાથે જે વાદ કરવો તે '**શુષ્ક-વાદ**' છે. ફક્ત વિજયલક્ષ્મીને ચાહનાર એવા વાવદૂક સાથે જે **છલ-જાતિ**પ્રધાન વાદ કરવો તે '**વિવાદ**' છે. મધ્યસ્થ, ગંભીર અને બુદ્ધિમાન એવા શાણા મનુષ્યની સાથે શાસ્ત્ર-મર્યાદાપૂર્વક જે વાદ કરવો તે '**ધર્મવાદ**' છે. આ ત્રણ વાદોમાં છેલ્લો જ વાદ કલ્યાણ-કારી છે. પહેલો વાદ તો વસ્તુતઃ બકવાદ છે. બીજો વાદ પણ જોખમભરેલો અથવા ફલ રહિત છે. દેશ, સમય, સભા વિગેરે સંયોગો જોઈ તદનુસાર વિવેકપૂર્વક વાદ કરવો. વિજય-લક્ષ્મીને ચાહનારની સાથે વાદ કરવો અસ્થાને નથી, પણ સમય, પ્રસંગ ઓળખી લેવો જોઇએ. સામગ્રી અનુકૂળ રહે તેવાની સાથે જો ઉચિત રીતે વાદ કરવામાં આવ્યો હોય તો શાસનની પ્રભાવના થાય છે અને મહત્ પુણ્ય મેળવાય છે. પરંતુ ઇતર દર્શનીયાદિ બક-વાદી, વાક્પટુ, ધર્મદ્વેષીની સાથે તો ભૂલેચૂકે પણ વાદના પ્રસંગમાં ન ઉતરવું.

ભ૦ **હરિભદ્રસૂરિજી** સ્વરચિત **યોગ-બિન્દુ** ગ્રન્થરત્નમાં પ્રતિપાદિત કરે છે કે-કુતર્કજનિત વાદ-પ્રતિવાદ વ્યર્થ છે, તત્ત્વ-સિદ્ધિ મેળવવાનું સાધન તો યોગ જ છે.

**"एवं च तत्त्वसंसिद्धेर्योग एव निबन्धनम् ।
अतो यद् निश्चितैवेयं नान्यतस्त्वीदृशी क्वचित्।
अतोऽत्रैव महान् यत्नस्तत्तत्त्वप्रसिद्धये ।
प्रेक्षावता सदा कार्यो वादग्रन्थस्त्वकारणम् ॥"**

**અર્થાત્**—એ પ્રકારે તત્ત્વસિદ્ધિ મેળવવાનું સાધન '**યોગ**' જ છે. યોગથી જેવી રીતે તત્ત્વસિદ્ધિ નિશ્ચિત થાય છે તેવી રીતે બીજાથી થતી નથી. એ માટે એમાં જ (યોગમાં જ) તે તે તત્ત્વોનો યથાર્થ સ્ફુટ પ્રતિભાસ કરવા માટે પ્રેક્ષાવાને પ્રયત્ન કરવો જોઇએ. એને માટે વાદના ગ્રન્થો કારણ નથી.

વિદ્વાનોની સભામાં અનેક પ્રકારના વાદ-પ્રતિવાદો થતાં જોવામાં આવે છે, પરંતુ એથી તત્ત્વનો અન્ત પ્રાપ્ત થતો નથી. એ વિષે ઘાંચીના બળદનું ઉદાહરણ આપી ઉપાધ્યાય શ્રી યશોવિજયજી ભગવાન આગળ કથન કરે છે કે—

**"वादांश्च प्रतिवादांश्च, वदन्तोऽनिश्चितांस्तथा।
तत्त्वान्तं नैव गच्छन्ति,तिलपीलकवद् गतौ ॥"**

**ભાવાર્થ**—ઘાંચીના બળદની આંખે પાટા બાંધેલા હોય છે. તે સવારથી ફરવા માંડે છે, અને ફરતાં ફરતાં સાંજ પૂરી કરે છે. એટલા લાંબા વખત સુધી ભ્રમણ કરવા છતાં તે બળદ ત્યાં ને ત્યાં જ સ્થિત રહેલો હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રમાદથી સત્યાનાશ.

( ૨ )

લેખક–ચોકસી.

ત્રિલોકના સ્વામી ! આજની આપની દેશનાએ, સંખ્યાબંધ આત્માના અંતરદ્વાર ખોલી નાંખ્યા છે; અને મને ખાતરી છે કે એમાંના મોટા ભાગના તો અલ્પકાળમાં જ ચારિત્ર ધર્મ સ્વીકારશે. જો સ્થિતિ આમ છે તો થોડો સમય વધુ સ્થિરતા કરવામાં આપ શા સારુ સંમત થતાં નથી ? આપની અમૃતવાણી મારા જેવાના હૃદય–દ્વાર પણ ઉઘાડી નાંખે.

ત્રિખંડના માલિક, નેત્રો સામે ભાવીકાળની આગાહીના તાંડવ નૃત્ય આરંભાઇ ગયા છતાં, હજુય તું સત્ય પારખી શકતો નથી ? ક્રોધાયમાન ઋષિના પગમાં પડી તેં કેટલી પ્રાર્થના કરી ? નતિજો શું આવ્યો ? એથી દ્વારકાનો વિનાશ આઘો ઠેલાયો ખરો ? મદિરાનું ટીપું રહેવા ન દીધું છતાં વિનાશની ઝાલરનો નાદ વાગી રહ્યો ! અને એ જેવા તેવાના હાથે નહીં પણ તારા પોતાના દીકરાઓદ્વારા જ ! નજર સામે ભાવી અમંગળની રણભેરી બજી રહ્યા છતાં જે આત્માઓ પ્રમાદમાં–નિદ્રામાં કિંવા મોહમાં પડ્યા રહે તેમને કેવા સમજવા ? જો કે આજના ઉપદેશથી જેઓનો ઉદ્ધાર થવાનો છે તેઓ તો જરૂર સંસારને ત્યજી દેવાના છે. એ સંખ્યામાં માત્ર દ્વારામતીની આમ જનતાના જ નહીં પણ ત્હારા અંતેઉરની રમણીઓ અને પુત્ર–પુત્રીઓનો પણ સમાવેશ થાય છે. અરે ! જેમના નિમિત્તે વિનાશની નોબત વાગી જવાની છે એ શાંબ અને પ્રદ્યુમ્ન પણ પાછળ રહેવાના નથી જ. કહેવાનું એટલું જ છે કે કર્મરાજ જેમને વિવર આપે છે અથવા જેઓ કર્મરાજના પંજામાંથી છટકી જવાની શક્તિ દાખવે છે તે સર્વ તો અલ્પકાળમાં જ સંયમમાર્ગના પથિક બનવાના છે. વધુ સ્થિરતા કરવાનો એ પછી કંઇ જ હેતુ નથી. શ્રમણો વિહરતા જ સારા. આ ભૂમિના સારા દિવસો ભરાઇ જવા આવ્યા છે. એ પર વસનારનું પૂન્ય ખવાઇ ગયું છે ! પાપનો ભાર એટલી હદે વધી રહ્યો છે કે એ સામે તારો તો શું પણ ભલભલા ચક્રવર્તીનો પ્રયાસ પણ કારગત નિવડવાનો નથી. જ્યાં વિધિના રાહ આ પ્રકારના છે ત્યાં નથી તો વધુ સ્થિરતા કરવાથી કંઇ ફેર પડવાનો, નથી તો આવી રહેલા ભય સામે આડો હાથ ધરાવાનો. ચેતનારા ચેતી ગયા છે. યાદવકુળમાં અવગુણોના ખડકલા થઇ ચૂકયા છે. કેવલ મદિરાપાન જ નહીં પણ એ ઉપરાંત

---

આ પ્રમાણે વિકલ્પ જાળોથી ભરેલા વાદ–પ્રતિવાદો કરવા છતાં પણ તેનું ફળ વિકલ્પજાળમાં જ સમાપ્ત થાય છે, હૃદયંગમ તત્ત્વપ્રકાશ મળી શકતો નથી અર્થાત્ તત્ત્વપ્રકાશ–તત્ત્વસિદ્ધિ તો ઉપર કથિત '**યોગ**'–દ્વારા જ પ્રાપ્ત થાય છે.

કહેવાનો હેતુ એ છે કે–શાસનની પ્રભાવના માટે, શ્રદ્ધામાં સ્થિર થવા તથા અન્યને કરવા માટે '**ધર્મવાદ**' યુક્ત છે, સિવાય બીજા વાદો કુતર્કજનિત અપ્રશસ્ત હોઇ વ્યર્થ છે. અસ્તુ.

( સદરહુ લેખમાં 'અધ્યાત્મતત્ત્વાલોક ગ્રન્થ'નું અવતરણ લેવામાં આવ્યું છે. પશ્ચાત્ આ વિષયનો સંબંધ ધરાવતાં યોગબિન્દુ તથા જ્ઞાનસારના શ્લોકો મૂકી લેખ પૂરો કરવામાં આવ્યો છે. વિદ્વજ્જન યોગ્ય મજકુર લેખમાં કોઇ ભૂલચૂકને સ્થાન હોય તો સુધારી ક્ષન્તવ્ય લેખવા વિજ્ઞપ્તિ છે. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષયવિલાસ, ઇંદ્રિયમગ્નતા, કર્ત્તવ્યહીનતા, માંસભક્ષણ અને પરસ્પરની ઇર્ષાએ એવી તો ઊંડી જડ નાંખી છે કે એ પર સર્વનાશના ઓળા ઉતરે એમાં કંઇ જ નવાઇ નથી. જ્યાં સામુદાયિક પાપના પુંજ ખડકાય ત્યાં વિનાશના આગમન થાય જ, એમાંથી જેમના દિવસો પાધરા છે તેઓ તો મારા ઉપદેશને અનુસરી થોડા કાળમાં જ આ ધરતીને છોડી જવાના; બાકીના તો અહીં જ ભસ્મીભૂત બનવાના! કાળની મૂંઝવણમાં એમને કંઈ દિશ સૂઝવાની નહીં! ભાઇ, ત્હારું દ્વાર ઉઘડવાનું જ નથી. વાસુદેવના ભવ જ નિયાણા પર સર્જાયા છે. અને એ અધિકારના અંતે નરકગમન એ તો શિલાલેખ સમું નિશ્ચિત છે. એ આત્માને ચારિત્ર ઉદયમાં ન જ આવી શકે.

ઓ, અરિષ્ટનેમી ભગવંત! આપ સરખાનું સાનિધ્ય મળ્યા છતાં જો મારી આ દશા થવાની નક્કી છે તો પછી સંતસમાગમ માટે જે લાભો વર્ણવાયા છે તેનો કંઇ અર્થ નથી ને?

વાસુદેવ કૃષ્ણ! એવો એકાંત ન પકડ. સંતોના પાસા સેવનાર જરૂર કલ્યાણ સાધે છે. સંતની વાણી કર્મઇંધન બાળવામાં અગ્નિની ગરજ સારે છે. પણ એ સર્વ ઓછા અને પાતળા કર્મોવાળાને; ગાઢ કે નિકાચિત કર્મ તો ભોગવવાના જ હોય. આત્માએ, એ વેળા હિંમત રાખવી ઘટે. જો આટલું થાય તો બેડોપાર. તારે નિરાશ થવાનું કારણ નથી. આવતી ચોવીશીમાં તું પણ મ્હારા જેવો તીર્થંકર થનાર છે. એટલું યાદ રાખવાનું કે કપરી તાવણીમાં તપાયા વિના કંચન શુદ્ધ ગણાતું જ નથી.

ભગવંત, ભાવી ભાવની અટલ શક્તિનું સાચું ભાન મને આજની આપ સાથેની લાંબી વાત પરથી થયું. પણ એક શંકાનો ઉકેલ તો હજીપણ નથી લાધ્યો. ઋષિના શ્રાપની વાત સાંભળી હું તેમની સમક્ષ દોડી ગયો અને પુત્રોદ્વારા થયેલી કદર્થના સંબંધમાં માફી માગી, શાંત થવા તેમજ શ્રાપ પાછો ખેંચવા વિનંતી કરી. પણ તેમણે એક જ જવાબ દીધો કે-તમો બન્ને ભાઇ સિવાય સારાયે નગરનું દહન કરીશ. એમાં રંચમાત્ર મીન-મેખ નહીં થાય. પ્રભુ! આ રીતે અમારું મૃત્યુ આઘું ઠેલાય છે, બીજી બાજુ આજ કેટલાય સમયથી જરાકુમારનો પત્તો નથી! આપે મારું મૃત્યુ તેના દ્વારા દર્શાવેલું એનો મેળ બેસતો નથી.

કૃષ્ણવાસુદેવ! જગતમાં જ્ઞાનબળ જ સર્વ-શ્રેષ્ઠ છે. એની સંપૂર્ણતા કેવલજ્ઞાનમાં થાય છે. કેવલીના કથનમાં રંચમાત્ર ફેર પડતો નથી. દ્વારકામાંથી તું સહીસલામત જઈ શકશે એ જ વાત પુરવાર કરે છે કે તારો દેહ કોઈ અન્ય ધરતી પર પડવાનો છે. એમાં જ ભવિતવ્યતાનો છુપો સંકેત છે. મહાનુભાવ, ભુજાબળ પર અણનમ રહે-વાની વાત વીસારી મૂકી, મેં જે પૂર્વે કહ્યું હતું તે યાદ કર. અગ્રશોચ ન કરતાં, વર્ત-માનનો વિચાર કરી, માનવજીવનનું સાર્થકય કયા ઉપાયોવડે થાય એનો જ વિચાર કર. 'હું એકલો આવ્યો, એકલો જવાનો અને મારું કોઈ નથી.' એ જ મંત્ર બરાબર સમજી લેવા જેવો છે.

તીર્થપતિ! યદુકુળમાં મોંઘેરા આભૂષણ સમા ભગવાન્ નેમિનાથ! હું આપના ચર-ણમાં વારંવાર વંદન કરું છું. આપે કહેલ કિંમતી સૂત્ર પર જ હવેથી હું નજર ઠેરવીશ.

પ્રભુ શ્રી મહાવીરદેવે **'समयं मा पमाए'** એ સૂત્ર પર કેમ ભાર મૂકયો એ પૂર્વે જોયું તેમ યુગાદિ જિનેશના કાળના ઉદાહરણોથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્પષ્ટ સમજાયું આજે શ્રી નેમિનાથના ઉલ્લેખથી એની વિશેષ પ્રતીતિ થાય છે.

નિયાણું કરી દ્વીપાયન ઋષિ દેવયોનિમાં પહોંચ્યા. વિભંગજ્ઞાને પૂર્વભવ જોયો અને પ્રતિજ્ઞા મુજબ કનક કાંગરાવાળી વિષ્ણુની દ્વારામતીને અગ્નિ ચાંપ્યો. એમના આગમન પૂર્વે મદિરાના યથેચ્છ પાનથી ભાનભૂલેલા–મર્યાદા મૂકી કામાંધ બનેલા યાદવો એક બીજાનો ટોટો પીસી રહ્યા હતા. આમ 'દાઝયા પર ડામ' જેવી દશા પ્રવર્તી રહી! નાશભાગ અને રોકકળે મર્યાદા મૂકી! જ્યાં ચારે બાજુ દાવાનળ લાગ્યો હોય ત્યાં શું ચીજ સાથે લેવાય અને કોણ કોને બચાવી શકે? યમરાજની ભીષણ લીલા સર્વત્ર વર્તી રહી.

અહા! પેલો રથ પૂર ઝડપે દોડી રહ્યો છે. અરે નગરીના મુખ્ય દ્વારને પણ વટાવી ગયો! અરે પણ પેલું કોણ ઉથલી પડયું? અને એમાં બેઠું છે કોણ?

ઓહ! આ તો ત્રિખંડાધિપતિ કૃષ્ણવાસુદેવ, બાજુમાં બેઠેલા તેમના વડિલ ભ્રાતા બળદેવ! ભારતવર્ષમાં જેમની હાક વાગતી હતી એવી બાંધવબેલડી! ઉથલી પડનાર એમનો સારથિ! એ વસ્ત્ર ખંખેરી, પુનઃ રથ પર ચઢવા જાય ત્યાં તો અવાજ સંભળાયો:–

સબૂર, કેવલ બે જ જણા જઇ શકશો. સારથિનું કલેવર તો આ ભૂમિમાં જ ભસ્મીભૂત થવાનું!!

જાણે પૂર્વનું શૌર્ય સાવ મરી ગયું હોય તેમ ઉભય બંધુઓએ, આ સાંભળ્યું. એક હરફ સરખો પણ ન ઉચ્ચાર્યો! રથમાંથી બળદેવે બહાર આવી અશ્વોની લગામ હાથમાં લીધી; અને ધીખતી ધરતીને રામરામ કર્યા!

આનું નામ જ ભવિતવ્યતા! વિધિના લેખ તે આ. બાર યોજનના વિસ્તારવાળી દ્વારકાનગરી જોતજોતામાં હતી ન હતી થઈ ગઇ!

રથ વસ્તીવાળો પ્રદેશ છોડી ઘણે દૂર આવી પહોંચ્યો. અરણ્યના આ ભાગમાં ઊંચા વૃક્ષો સિવાય ભાગ્યે જ બીજું કંઈ નજરે ચઢતું! વનના પ્રાણીઓ સિવાય કોઇ દેખાતું પણ નહીં.

કૃષ્ણ વાસુદેવે રથ ઊભો રખાવ્યો અને વડિલ બંધુને ઉદ્દેશીને કહ્યું કે—

ભાઇ મરણને તો આઘું ઠેલી દીધું પણ તૃષા કપરી લાગી છે માટે કોઇપણ સ્થળેથી પાણી લાવો તો ઠીક થઇ પડે. વાસુદેવ પ્રત્યે અતૂટ પ્રીતિવાળા બળદેવે અશ્વોને છોડી નાંખ્યા અને તરત જ પોતે જળની શોધમાં નીકળી પડ્યા. એકાદ વૃક્ષને અઢેલી વાસુદેવ પણ પોતાની નજર સામે જે બની ગયું એનો વિચાર કરતાં આડા પડખે થયા. માંડ થોડી પળો વીતી હશે ત્યાં તો સરરર કરતું એક બાણ આવી વાસુદેવની છાતીમાં ભોંકાયું!

અરરર, આ કયા પાપીનું કામ છે એમ બોલતા તે બેઠા થયા. માનવનો અવાજ સાંભળી તીર ફેંકનાર વ્યક્તિ દોડતી આવી. અને પાસે આવતાં જ વાસુદેવની છાતી લોહીવાળી નિરખી આભી બની ગઇ! હિંમત એકઠી કરી બોલી કે–મોટા ભાઇ, આપ અહીં એકાકી ક્યાંથી? મેં તો ચમકતી આંખ જોઇ, કોઈ મૃગલું હશે એમ કલ્પના કરી, નિશાન લીધેલું, મારો અપરાધ માફ કરો. આપના મૃત્યુમાં કારણભૂત બનવા ન પામું એ અર્થે તો ઘર છોડી અરણ્યવાસ સ્વીકાર્યો. આમ છતાં આપ સરખા વડિલના પ્રાણ લેવામાં આખરે હું જ કારણરૂપ બન્યો! આપ એકલા અહીં ક્યાંથી આવી ચઢ્યા એ તો કહો.

ભાઇ, જરાકુમાર તું જરા પણ શોક ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરીશ. મને ડગલે પગલે તીર્થપતિ શ્રી નેમીશ્વરના વચનની ખાતરી થતી આવી છે. હોણહાર મિથ્યા નથી થતું એ વાત સો ટકા સાચી પુરવાર થઈ છે. દ્વારકાના સર્વનાશમાંથી હું ને બળભદ્ર માત્ર બે જ જીવતા નીકળી આવ્યા ! જેઓએ દીક્ષા લીધી એ સર્વ બચી ગયા. બાકીના સર્વ–નાના બાળકો સુદ્ધાંત-દ્વીપાયન ઋષિની હુતાશનીમાં બળીને ભસ્મીભૂત બન્યા! વિધિના ચોપડે મારો અંત તારા હાથે નિર્માણ થયેલો એટલે અહીં આવી ચઢ્યો અને યમનો અતિથિ થયો. આ બધો કર્મરાજનો ખેલ છે. ભાઈ, તું તો નિમિત્ત માત્ર છું. શરણરૂપ એક જ ધર્મ જ છે. પણ અહીંથી તું સત્વર વિદાય થઈ જા. પાણી લેવા ગયેલ બળભદ્ર આવી પહોંચશે અને આ વાત જાણશે તો મારા પ્રત્યેના ગાઢ સ્નેહને લઇ તને જીવતો નહીં જવા દે. બનનાર બની ગઈ! ખેર, તું જલ્દી ચાલ્યો જા.

તીર્થપતિના વચનોની અસર વાસુદેવ શ્રી કૃષ્ણના હૃદયમાં રમતી હતી એટલે જ જરાકુમાર ઘાતક છતાં બચી ગયો ! પણ પળો વીતવા માંડી તેમ તૃષાની પીડાએ જોર કર્યું અને આયુ–દોરી તૂટવા લાગી ! ત્રીજી નરકમાં જવાનું હોવાથી ‘ જેવી ગતિ તેવી મતિ ’ એ ઉક્તિ અનુસાર પરિણામ બદલાયા ! વિચારસરણીએ પલ્ટો લીધો. ‘ મારા જેવા ત્રણ ખંડનાં ધણીને, અરે અજોડ મહારથીને એ જરાકુમાર વીંધી નાંખે અને જીવતો જાય ! મારું ધનુષ્ય ક્યાં ગયું ? મારા હાથમાં આવે તો એક જ બાણે એને વીંધી નાંખું ! હું કોઇ નાનોસુનો આદમી નથી. હું તો વાસુદેવ. જરાકુમાર જેવા તો હજારોને ધૂળ ચાટતા કરી નાંખ્યા ! ’ આવા રૌદ્ર ધ્યાનમાં હંસલો ઊડી ગયો.

બળભદ્ર પાણી લઇ આવ્યા. એણે વારંવાર ભાઈને બોલાવવા લાગ્યા. જળ પીવા આગ્રહ કરવા માંડ્યો પણ જવાબ ન મળ્યો. શબને ખભે નાંખી મહિનાઓ સુધી ભમ્યા. આખરે દેવવચને અગ્નિસંસ્કાર કર્યો અને પોતે સાધુ બન્યા.

---

# વર્તમાન સમાચાર.

## ( ૧ )

### પંજાબ વિહાર.

આચાર્યવર્ય શ્રીમદ્ **વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ** સપરિવાર લુધીયાનાથી વિહાર કરી મ. સુ. ત્રીજે માલેરકોટલા કે જ્યાં પાંચ છ વરસે પધારતા હોવાથી શ્રી સંઘમાં અજબ ઉત્સાહ હતો. ત્યાં પધારતા તેઓશ્રીને શ્રી સંઘ તથા અન્ય હિન્દુ, શિખ તથા મુસલમાનો તરફથી જુદા જુદા ચાર સન્માનપત્ર અર્પણ થયાં હતાં અને આચાર્ય મહારાજે સંપ વિષે સચોટ ઉપદેશ આપ્યો હતો. મા. સુ. અગિયારસે આચાર્ય શ્રીજીએ પોષ સંક્રાન્તીનું નામ સંભળાવી સુંદર ઉપદેશ આપ્યો હતો અને મ. વ. ત્રીજે અહીંથી વિહાર સમયે શ્રીમાન્ દિવાન સાહેબ આદિ અધિકારી વર્ગની હાજરી આકર્ષક હતી.

આચાર્યશ્રીજી દગદમંડી, ગુર્જરવાલ, લુધીયાના, ફલોર આદિ થઇ પો. સુ આઠમે ફગવાડી પધાર્યા જ્યાં લાલા બાબુરામજીની ધર્મપત્નીની ઓળી પૂરી થઇ તે નિમિત્તે શ્રી નવપદજીનું ઉદ્યાપન કરવામાં આવ્યું અને નવમીએ વરઘોડો ચડાવવામાં આવ્યો હતો. અગિયારસના રોજ આચાર્યશ્રીજીએ બે ત્રણ હજારની નર–નારીઓની સભાને સ્તોત્રોપૂર્વક માઘ સંક્રાન્તીનું નામ સંભળાવ્યું હતું અને બપોરના નવપદજીની પૂજા ઘણી જ ઠાઠમાઠથી ભણાવવામાં આવી હતી. અહીંથી આચાર્યશ્રીજીએ નકોદર તરફ વિહાર કર્યો છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સંઘપતિ ચરિત્ર. ( ભાષાંતર )

શ્રી ઉદયપ્રભસૂરિવિરચિત **ધર્માભ્યુદય મહાકાવ્ય** ( અપરનામ શ્રી સંઘપતિ ચરિત્ર) **નું** આ **શુદ્ધ સરલ** ગુજરાતી ભાષાંતર છે. જેનો રચના કાળ સં. ૧૨૯૦ લગભગ છે. **આ ગ્રંથની** મહામાત્ય વસ્તુપાળે પોતાના હસ્તાક્ષરથી લખેલ પ્રત ખંભાતના પ્રાચીન ભંડારમાં મોજુદ છે.

આ મૂળ ગ્રન્થનું ઘણુજ પરિશ્રમપૂર્વક સંશોધન પ્રવર્ત્તક શ્રી કાન્તિવિજયજી મહારાજના વિદ્વાન સુશિષ્ય સ્વર્ગસ્થ મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ તથા વિદ્યમાન **સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે** કરી આ સભા તરફથી પ્રગટ કરવો કૃપાની રાહે આજ્ઞા કરી હતી. મૂળ ગ્રન્થ પૂર્ણ છપાઇ રહેવા દરમ્યાન ભારતીય વિદ્યાભવનને શ્રી બહાદુરસિંહજી સીંધિ ગ્રન્થમાળાનું ખાતું સુપ્રત થયેલ, તે ખાતા તરફથી વિવિધ સાહિત્યના પ્રાકૃત, સંસ્કૃત અનેક ગ્રન્થો પ્રકટ થાય છે, તેમના તરફથી આ ગ્રંથ પ્રગટ કરવા સાક્ષરવર્ય ઇતિહાસવેત્તા શ્રી **જિનવિજયજી સાહેબ** તરફથી સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજને વિનંતિ થઇ. આ ગ્રન્થ મૂળ કાવ્યરૂપે એટલો સુંદર, વિદ્વત્તાપૂર્ણ, અનુપમ રચનાયુક્ત હોવાથી ભારતીય વિદ્યા ભવન સિંધિ ગ્રન્થમાળા તરફથી પ્રકાશન થાય તો જૈન સાહિત્યના આ અપૂર્વ ગ્રન્થની જૈનેતર સાક્ષરો, સાહિત્યકારો, દર્શન શાસ્ત્રના અભ્યાસીઓ, ઇતિહાસવેત્તાઓ, વગેરેમાં જૈન સાહિત્ય માટે અતિ ગૌરવરૂપ થાય તેમ સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે સભાને જણાવતાં મહારાજશ્રીની તેમ કરવાની આજ્ઞા સ્વીકારી તે મૂળ ગ્રન્થ ભારતીય વિદ્યા ભવનને સુપ્રત કરેલ છે, જેનું ગુજરાતી ભાષાંતર સભા તરફથી છપાય છે.

જેના પંદર સર્ગોમાં નીચે પ્રમાણે ઐતિહાસિક વર્ણનો અને કથાઓ આવેલ છે. પ્રથમ તીર્થયાત્રા વર્ણન, તેની ઉપયોગી વિધિવિધાન વગેરે, ત્યારબાદ શ્રી ઋષભદેવ પ્રભુનું સંક્ષિપ્ત જીવન, ભરત દિગ્વિજયજી બાહુબળી વ્રતવર્ણન, શ્રી શત્રુંજય મહાતીર્થની ઉત્પત્તિ, ભરતનિર્વાણ હકીકત, શ્રી શત્રુંજય મહાત્મ્ય કીર્તન વગેરે નવીન જાણવા જેવી હકીકતો, જંબૂસ્વામીનું વિસ્તારપૂર્વક ચરિત્ર, તપ મહાત્મ્ય ઉપર યુગબાહુ ચરિત્ર, દીન અનુકંપા ઉપર શ્રી નેમિનાથ ચરિત્ર, વસુદેવયાત્રાવર્ણન, કૃષ્ણરાજ્ય અને વિજયવર્ણન વસ્તુપાળ સંઘયાત્રા વર્ણન, છેવટે ગ્રન્થકર્ત્તાએ પ્રશસ્તિ લખી છે. આ ગ્રન્થ સુમારે ચાલીસ ફોર્મ ક્રાઉન આઠ પેજીમાં, તૈયાર થશે શ્રી શત્રુંજય, શ્રી ગિરનારજી, શ્રી આબૂજી વગેરે તીર્થો તથા શ્રી આદિનાથ પ્રભુ નિર્વાણ, તથા વસ્તુપાળ વગેરેના સુંદર ફોટાઓ તથા અન્ય સાધનો મળશે તો વિશેષ ફોટાઓ સાથે સુંદર બેરંગી કવર જેકેટ, પાકુ બાઇન્ડીંગ, ઉંચા કાગળો ઉપર સુંદર ગૂજરાતી અક્ષરોવડે પ્રસિદ્ધ કરવામાં આવશે. ગ્રન્થનો પોણો ભાગ છપાઇ ગયો છે. થોડાક માસમાં પ્રસિદ્ધ થશે. વિશેષ હકીકત હવે પછી. અમુક કોપીઓની અત્યારથી સભા પાસે ગ્રાહકો તરફથી માગણી થઇ છે, જેથી જીજ્ઞાસુઓએ જલદી નામ નોંધાવવા. અમારા પ્રકાશન–સાહિત્ય માટે વિશેષ વિવેચનની જરૂર નથી એ તો જૈન જગતમાં સુપ્રસિદ્ધ છે.

લખો–

**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચાલતી તેને પ્રાધાન્યપણું આપી રચેલા આ કાવ્યો છે. આ કાવ્યોના કર્તા કવિઓની પ્રતિભા પણ તેમાં તરી આવે છે.

આ ગ્રંથમાં કાવ્યો, તથા રાસોનો ગુજરાતી ભાષામાં સાર, કર્તા મહાશયો કયા કયા ગચ્છના હતા તે, તેમજ તેઓશ્રીના ગચ્છોના નામો, ગ્રહસ્થોના નામો તમામ મહાશયોના સ્થળો, સંવત સાથે આપી આ કાવ્ય સાહિત્યની સુંદર અને સરલ ઉપયોગી રચના બનાવી છે. ૫૦૦ પાંચસોહ કરતાં વધારે પાના છે. કિંમત રૂ. ૨–૧૨–૦, પોસ્ટેજ અલગ.

## શ્રી કુમાર વિહાર શતક ગ્રંથ.

### શ્રી રામચંદ્ર ગણિ કૃત મૂળ અને સુધાભૂષણ ગણિ કૃત અવચૂરિ અને તેનો ગુજરાતીમાં ભાવાર્થ વિશેષાર્થ સહિત.

તેરમા સૈકામાં રસ અને અલંકારના ચમત્કારથી વિભૂષિત અસાધારણ નૈસર્ગિક આ ખંડકાવ્યની રચના થયેલી છે. પરમાર્હત કુમારપાળ મહારાજાએ પાટણમાં પોતાના પિતા ત્રિભુવનપાળના નામથી બનાવેલ શ્રી કુમાર વિહાર જૈન મંદિર અને આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે પ્રતિષ્ઠા કરેલ શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિરૂપ આ કાવ્યની રચના હોવા સાથે તે મંદિરનું ચમત્કારિક વર્ણન આપેલ છે. તે મંદિરમાં અને મુખ્ય પ્રાસાદની અંદર ૧૨૫ અંગુલ ચન્દ્રકાન્ત મણીની પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા હતી. સર્વ કળશો અને સ્તંભો સુવર્ણના હતા. એકંદરે તે જિનમંદિર ૯૬ કોટી દ્રવ્ય ખરચી કુમારપાળ મહારાજે બંધાવ્યું હતું. તેનું વર્ણન છે. કાવ્યની રચના સાથે તેનું ગુજરાતી ભાષાંતર પણ આપવામાં આવ્યું છે. ૨૫૦ પાનાનો આ ગ્રંથ છે. કિં. રૂા. ૨–૦–૦. આર્ટપેપર ઉપર છપાયેલ છે.

### શ્રી ઉપયોગી ચરિત્રો.

આદર્શ–જગતવંદનીય સતી શ્રી સીતાજીનું ચરિત્ર, ૨ શ્રી દમયંતી ચરિત્ર, એ મહાસતીઓના સુંદર જીવન ચરિત્ર કોઇપણ જૈન બ્હેનોને આદર્શ થવા માટે ખાસ ઉપયોગી છે. છપાવવાની યોજના વિચારાય છે, આત્મકલ્યાણની ઇચ્છાવાળા, કોઈ પણ જૈન બંધુ કે બ્હેનના ફોટા, જીવનવૃત્તાંત આ ગ્રંથોમાં આપવામાં આવશે. યોજના ખર્ચ માટે અમોને લખી જણાવે સંતોષકારક ખુલાસો આપવામાં આવશે.

## ગુંજરાતી ભાષાના તૈયાર થતાં ગ્રંથો.

### ૧ શ્રી વસુદેવ હિંડિ ગ્રંથ. ( શ્રી સંઘદાસ ગણિકૃત ભાષાંતર. )

તત્ત્વજ્ઞાન અને બીજી ઘણી બાબતોને પ્રમાણિક ઠરાવવા સાદતરૂપ આ ગ્રંથનું મૂળ બહુજ પ્રયત્નપૂર્વકનું સંશોધન સદ્‌ગત મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા વિદ્યમાન સાક્ષરવર્ય **મુનિરાજ શ્રી પુણ્યવિજયજી** મહારાજે કરી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભારતનો ઇતિહાસ તૈયાર કરવા માટે અજોડ અને બહુ જ પ્રાચીન ગ્રંથ છે. આવા બહુમૂલ્ય ગ્રંથનું ભાષાંતર વિદ્વાન બંધુ રા. રા. **ભોગીલાલ જ.** સાંડેસરા અમદાવાદવાળા પાસે તૈયાર કરાવેલ છે. કોઈ પુણ્યવાન અને સુકૃતની લક્ષ્મી પામેલ જૈન બંધુનું નામ આ ગ્રંથમાં ફોટો અને જીવનચરિત્ર સાથે જોડાય તેમ ઇચ્છીએ છીએ. આ ગ્રંથમાં અનેક ઐતિહાસિક સામગ્રી, અનેક જાણવાયોગ્ય વિષયો અને સુંદર કથાઓ આવેલી છે.

## છપાતાં ગુજરાતી ગ્રંથો.

**૨ કથારત્નકોષ.**
**૩ શ્રી સંઘપતિ ચરિત્ર.**
**૪ શ્રી મહાવીરદેવના વખતની મહાદેવીઓ.**
**૫ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર.**

જે કે છપાઇ રહેતાં શુમારે બે હજાર પાનાનું સુંદર વાંચન થશે. આવી સખ્ત મોંઘવારી છતાં સભા

( અનુસંધાન ટાઇટલ પાનું ૪ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

આ ઉત્તમોત્તમ સુંદર સાહિત્યના પ્રકાશનનું કાર્ય ઉદ્દેશ પ્રમાણે કરે છે. નવા થનારા લાઇફ મેમ્બરોને લાભ લેવા જેવું છે. જલદી નામ નોંધાવો.

નં. ૧ માં આર્થિક સહાય આપનાર બંધુઓનું જીવનચરિત્ર ફોટા સાથે આપવામાં આવશે.

## શ્રી તપોરત્ન મહોદધિ ( બીજી આવૃત્તિ. )

તૈયાર છે.

આગમો તથા પૂર્વાચાર્યકૃત ગ્રંથોમાંથી સંશોધન કરી ૧૬૨ તપોના નામ, તેની વિધિવિધાન દરેક તપોની ક્રિયાઓ સહિતની તેની હકીકતો ગુજરાતીમાં શાસ્ત્રીય ટાઇપથી પ્રતાકારે શુમારે ૧૭ ફોર્મ સુમારે બશેંહ પેજમાં છપાઇ તૈયાર થઈ ગયેલ છે. કિંમત લેઝર પેપરના રૂા. ૨-૮-૦ ગ્લેઝડ પેપરના રૂા. ૨-૦-૦

## દેવાધિદેવ શ્રીતીર્થંકર ભગવાનોના સુંદર ચરિત્રો.

નીચેના ગ્રંથોની માત્ર થોડી કોપીયો સિલકે છે. ફરી તે પણ છપાઇ શકે તેમ નથી, જલદી લાભ લેવા જેવું છે—

૧ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર (બીજો ભાગ) રૂા. ૨-૮-૦
૨ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર રૂા. ૨-૦-૦
૩ શ્રી વિમળનાથ ચરિત્ર રૂા. ૨-૦-૦

## સત્ત્વશાળી અને આદર્શ પુરુષોના ચરિત્રો.

શ્રી સુમુખ નૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા (સચિત્ર) ૧-૦-૦ શ્રી જૈન નરરત્ન "ભામાશાહ" ૨-૦-૦ શ્રી પૃથ્વીકુમાર ( સુકૃતસાગર ) ચરિત્ર ૧-૦-૦ શ્રી સમરસિંહ ચરિત્ર શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર ૦-૪-૦ શ્રી કર્માશાહ ચરિત્ર શત્રુંજયનો સોળમો ઉદ્ધાર ૦-૪-૦ શ્રી કલિંગયુદ્ધ અને મહારાજા ખારવેલ ૦-૧૨-૦ શ્રી વિજયાનંદસૂરિ ૦-૮-૦. દરેક ગ્રંથ પ્રભાવશાળી મહાન નરરત્નના ચરિત્ર સાથે ખાસ મનન કરવા જેવા, ઉપદેશક અને સાદી અને સરળ ભાષામાં, સુંદર ટાઇપ, આકર્ષક બાઇન્ડીંગ અને ઉંચા કાગળોમાં પ્રગટ થયેલ છે. પોસ્ટેજ સર્વનું અલગ.

### શ્રી ચારિત્ર રત્ન ગણિ-વિરચત—

## શ્રી દાનપ્રદીપ—

પંદરમા સૈકામાં ૬૬૭૫ શ્લોક પ્રમાણ રચેલા આ ગ્રંથનું આ સુંદર અને સરલ ગુજરાતીભાષાંતર છે.

**જિનાગમરૂપી અગ્નિ પાસેથી વિવિધ પ્રકારના અર્થરૂપી તેજને ગ્રહણ કરી જિન શાસનરૂપો ઘરમાં દાનરૂપી દીવાને** પ્રગટ કરવા, આ ગ્રંથની બાર પ્રકાશમાં રચના કરી છે. દાનના અનેક ભેદો-પ્રકારો, તેના આચારોનું વર્ણન અને તે ઉપર દાનવીરોના ઉત્તમ ૪૨ સુંદર મનન કરવા યોગ્ય સુંદર ચરિત્રો-સુંદર કથાઓ સાથે આપવામાં આવેલ છે. સાથે દેશથી અને સર્વથી દયાનું વિવેચન, દાનના ગુણો અને દોષોનું વર્ણન વગેરે હકીકત વિસ્તારથી આપેલ છે. જીવનને સન્માર્ગ-દર્શક, પિતા પેઠે સર્વ ઇચ્છિત આપનાર, માતાની પેઠે સર્વ પીડા દૂર કરનાર, મિત્રના પેઠે હર્ષ વધારનાર, મહા મંગળરૂપ, આત્મજ્ઞાનની ભાવનાઓ સ્ફુરિત કરનાર, નિર્મળ સમ્યક્ત્વ, શ્રાવકત્વ, પરમાત્મત્વ પ્રગટ કરાવનાર દેદીપ્યમાન દાનધર્મરુપી દીવો જિન પ્રવચનરુપી ઘરને વિષે ચોતરફ પામી અનેક જીવોને મોક્ષ પ્રાપ્ત કરાવે છે. એકંદરે આ અપૂર્વ ગ્રંથ નિરંતર પઠન પાઠન કરવા જેવો છે. ૫૦૦ પાનાનો ઉંચા પેપર ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં છપાયેલ છે. કિં. રૂા. ૩-૮-૦ પોસ્ટેજ જુદું.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only